RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

**Year : 14, Issue : 296, Dt.03-02-2024 Saturday Page : 4** Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# બાજપેઈ બાદ અડવાણીને પણ ભારત રત્નઃ મોદી સરકારનો નિર્ણય



## જનસંઘ અને ભાજપના પાયાના પથ્થરસમાન રાષ્ટ્રીય નેતાને દેશનું સર્વોચ્ચ નાગરિક સન્માનઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટવીટ કરી માહિતી આપીઃ અયોધ્યામાં રામમંદિર નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવનાર નાયબ વડાપ્રધાને સન્માનીત કરવા મોદી સકરારનો નિર્ણય

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પુર્વ નાયબ વડાપ્રધાન તથા જનસંઘ સમયથી ભાજપના દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણીને ભારતરત્નના સન્માનથી નવાજાશે. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એકસ પર એક પોષ્ટ મુકીને આ સમાચાર આપ્યા હતા. ભારતીય રાજકારણમાં અને ખાસ કરીને જનસંઘ સમયથી પાયાના કાર્યકર બની રહેલા તેમજ પુર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયીના જમણા હાથ સમાન એલ.કે.અડવાણી, નાયબ વડાપ્રધાન સુધીની સફર હંમેશા યાદગાર રહી છે.

૨૦૦૨ થી ૨૦૦૪ સુધી તેઓ દેશનાં સાતમાં નાયબ વડાપ્રધાન બની રહ્યા હતા અને અગાઉ ૧૯૯૮ થી ૨૦૦૪ સુધી તેઓ વાજપેયી સરકારમાં ગૃહમંત્રી હતા. તેઓએ આ અગાઉ વિપક્ષના નેતા તરીકેની પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

૨૦૧૪માં રાષ્ટ્રીય રાજકારણમાં વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઉદય સાથે જ ભાજપના જે નેતાઓ પચ્છાદભૂમાં ધકેલાઈ ગયા તેમાં એલ.કે.અડવાણી સૌપ્રથમ હતા અને ૨૦૧૯માં તેઓને રાજકીય નિવૃતિ જેવી સ્થિતિ બનાવી હતી અને ભાજપના માર્ગદર્શક મંડળ તરીકે ઓળખાતા એક વર્તળમાં તેઓ કેદ થઈ ગયા હતા.

હાલમાં જ ભગવાન શ્રીરામના ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ સમયે તેમની ગેરહાજરીની પણ નોંધ લેવાઈ હતી જો કે સ્વાસ્થ્યનું કારણ આગળ ધરવામાં આવ્યું હતું અને ખાસ કરીને અયોધ્યામાં ભગવાન શ્રીરામના ભવ્ય મંદિરના નિર્માણમાં તેઓએ સોમનાથથી અયોધ્યા સુધીની રથયાત્રા યોજી હતી અને તેમાં વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સારથી બન્યા હતા. આમ અડવાણી અને મોદીનો સંબંધ ગુરૂ-શિષ્યનો રહ્યો છે અને મોદીના રાજકીય જીવનમાં તેમની પ્રેરણા મહત્વપૂર્ણ રહી છે.

વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે હું આપની સાથે એ માહિતી શેર કરવા માંગુ છું કે અડવાણીજીને ભારતરત્ન સન્માનથી નવાજાશે. આજે સવારે મે તેમની સાથે વાત કરી હતી અને તેમને આ સન્માન બદલ અભિનંદન આપ્યા હતા. મોદીએ એલ.કે.અડવાણીને વર્તમાન સમયના સન્માનીય રાજપુરુષોમાં એક ગણાવ્યા હતા અને લખ્યું હતું કે ભારતના વિકાસમાં તેમનું યોગદાન અભૂતપૂર્વ રહ્યું છે.

# વ્યક્તિગત કરદાતાઓની રૂા.૧ લાખ સુધીની મર્યાદામાં જ ટેકસ ડિમાન્ડની નોટીસ વેવ થશે

## નાણામંત્રીએ બજેટ પ્રવચનમાં જાહેર કરેલી રાહતમાં મહેસુલ વિભાગે કરી સ્પષ્ટતા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગુરૂવારે રજુ થયેલા કેન્દ્રીય બજેટમાં નાણામંત્રી નિર્મલા સીતારામને ૧૯૬૨થી ૨૦૧૦ અને ૨૦૧૪ સુધીની આવકવેરા સહિતની સીધા કરવેરાની રૂા.૨૫ હજાર સુધીની નોટીસો પરત ખેંચી લેવા જાહેરાત કરી છે જેમાં કરદાતાઓને એકંદરે અત્યાર સુધીની આ વ્યાખ્યામાં આવતી નોટીસોમાં રૂા.૧ લાખ સુધીની કર ડિમાન્ડમાં રાહત મળશે પરંતુ જો આ કુલ નોટીસો રૂા.૧ લાખથી વધી જશે તો તેમાં આ રાહતનો નિયમ લાગુ થશે નહી.

મહેસુલ સચીવ સંજય મલ્હોત્રાએ ગઈકાલે એક પત્રકાર પરિષદમાં આ



જાહેરાત કરી હતી. નાણામંત્રીએ બજેટ ભાષણમાં દર્શાવ્યું તેમ ૨૦૧૦ સુધીની રૂા.૨૫ હજારની પ્રતિ નાણાકીય વર્ષમાં અપાયેલી નોટીસો રદ કરવામાં આવશે. આ જ રીતે ૨૦૧૦ થી ૨૦૧૪ વચ્ચે રૂા.૧૦ હજાર સુધીની મર્યાદામાં જેટલી આવકવેરા સહિતની સીધા કરવેરાની નોટીસો મોકલી હશે.

તેમાં આ રાહત થશે પરંતુ કોઈ પણ એક સીંગલ કરદાતાને તેની આ પ્રકારની તમામ નોટીસોમાં કુલ રૂા.૧ લાખ સુધીની નોટીસો પરત ખેંચાશે અને આગામી બે માસમાં તેનો અમલ થઈ જશે. વ્યક્તિગત કરદાતાને જો અલગ અલગ નાણાકીય વર્ષ માટે રૂા.૨૫ હજાર સુધીની મર્યાદાની ૧૦ નોટીસો મળી હશે તો પણ તેમાં કુલ રૂા.૧ લાખ સુધીની નોટીસો જ વેવ થશે.

જયારે બાકીની નોટીસોમાં કાર્યવાહી યથાવત જ રહેશે.

# પાકિસ્તાનમાં ચૂંટણી પૂર્વે જ કરાચીમાં ચૂંટણી કમિશનરની ઓફિસ પાસે બોમ્બ વિસ્ફોટ

**મુખ્ય સમાચાર, ઈસ્લામાબાદ**

પાકિસ્તાનમાં હવે સંસદીય ચુંટણીમાં મતદાનના દિવસો ગણાય છે ત્યાં જ કરાચીમાં ચુંટણી કમિશ્નરની ઓફિસ પાસે બોમ્બ વિસ્ફોટ થતા અફડાતફડી મચી ગઈ હતી અને તુર્તજ ચુંટણીપંચની કામગીરી થંભાવી દેવામાં આવી હતી.



જો કે આ વિસ્ફોટમાં કોઈને ઈજા થઈ ન હતી પરંતુ ગભરાટ ફેલાવા માટે જ આ બોમ્બ વિસ્ફોટ કરાયો હોવાનું માનવામાં આવે છે. બોમ્બ વિરોધી સ્કવોડના જણાવ્યા મુજબ ચુંટણીપંચની ઓફિસની એક દિવાલ પાસે શોપીંગ બેગમાં બોમ્બ રાખવામાં આવ્યો હતો

# અમેરિકાએ સિરિયા-ઈરાક પર કર્યો બોમ્બમારોઃ ૧૮ લોકોના મોત

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

રશિયા-યુક્રેન અને ઈઝરાયેલ-હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધો હજુ પૂરા થયા નથી કે અમેરિકાએ પણ યુદ્ધ શરૂ કરી દીધું છે. તેણે ઈરાન પાસેથી બદલો લેવાનું શરૂ કરી દીધું છે. આ યુદ્ધ લાંબા સમય સુધી ચાલે તેવી શક્યતા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બિડેને શુક્રવારે ઈરાક અને સીરિયામાં આતંકવાદી જૂથોને કડક ચેતવણી આપી છે. આ જૂથોએ યુએસ અને તેના સાથીઓ પર છૂટાછવાયા પરંતુ સતત હુમલા કર્યા છે જોર્ડન હુમલાના જવાબમાં, અમેરિકાએ સીરિયા અને ઇરાકમાં ૮૫ લક્ષ્યો પર બોમ્બમારો કર્યો છે, જેમાં ઘણા આતંકવાદીઓ માર્યા ગયા છે. યુએસ સેનાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેના યુદ્ધ વિમાનોએ શુક્રવારે ઈરાન રિવોલ્યુશનરી ગાર્ડ (આઈઆરજીસી) અને ઈરાક અને સીરિયામાં તેમના સમર્થિત મિલિશિયાના ૮૫ થી વધુ લક્ષ્યો પર જવાબી હવાઈ હુમલા કર્યા હતા. અમેરિકી સેનાએ ખાસ કરીને ઈરાનની કુદ્સ ફોર્સને



નિશાન બનાવી છે.

જોર્ડનમાં થયેલા ઘાતક હુમલામાં ત્રણ અમેરિકી સૈનિકો માર્યા ગયા અને ૪૦થી વધુ લોકો ઘાયલ થયા. આ પછી, અમેરિકી સેનાએ માહિતી આપતાં કહ્યું કે, શુક્રવારે અમેરિકાએ ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ અને ઈરાક અને સીરિયામાં તેમના સમર્થિત મિલિશિયાના ૮૫ થી વધુ લક્ષ્યો પર જવાબી હવાઈ હુમલા કર્યા છે. જો કે, યુએસ સ્ટ્રાઈકમાં ઈરાનની અંદર કોઈ સ્થાનને નિશાન બનાવવામાં આવ્યું ન હતું.

યુએસ સૈન્યએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે હુમલામાં કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર, રોકેટ, મિસાઇલ અને ડ્રોન સ્ટોરેજ ફેસિલિટી તેમજ લોજિસ્ટિક્સ અને દારૂગોળાની સપ્લાય ચેઇન સુવિધાઓ સહિતના લક્ષ્યોને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ હુમલામાં સીરિયામાં ચાર અને ઈરાકમાં ત્રણ સહિત સાત સ્થળોએ ૮૫ થી વધુ લક્ષ્યોને નિશાન બનાવવામાં આવ્યા હતા.

# ઝારખંડના નવા મુખ્યમંત્રી ચંપઈ સોરેને ૫ ફેબ્રુઆરીએ વિધાનસભામાં બહુમતિ સાબિત કરવી પડશે

## હેમંતબાબુ દ્વારા શરૂ કરાયેલું કામ મારી પ્રાથમિકતા રહેશેઃ ચંપઈ સોરેન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઝારખંડમાં ચંપઈ સોરેને નવા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે. સરાયકેલા વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા ધારાસભ્ય ચંપાઈ સોરેન ઝારખંડના ૧૨મા મુખ્યમંત્રી બન્યા છે. ચંપઈ સોરેન સાથે કોંગ્રેસના કોટામાંથી આલમગીર આલમ અને આરજેડી ક્વોટામાંથી સત્યાનંદ ભોક્તાએ પણ મંત્રી તરીકે શપથ લીધા હતા. રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણને મુખ્યમંત્રી અને બંને મંત્રીઓને પદના શપથ લેવડાવ્યા હતા. પરંતુ આ નવી સરકારને પાંચ ફેબ્રુઆરીએ બહુમત સાબિત કરવી પડશે.

નવી સરકારને બહુમત સાબિત કરવા માટે રાજ્યપાલે ૧૦ દિવસનો



સમય આપ્યો હતો. બહુમતી સાબિત કર્યા બાદ કેબિનેટનું વિસ્તરણ કરવામાં આવશે. શપથ લીધા બાદ મુખ્યમંત્રી ચંપાઈ સોરેને જણાવ્યું હતું કે,'હેમંત બાબુ દ્વારા શરૂ કરાયેલું કામ પૂર્ણ કરીશું. ઝારખંડના આદિવાસીઓ અને આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે અગાઉની સરકાર દ્વારા હેમંત સોરેનના નેતૃત્વમાં શરૂ કરાયેલું કામ અને યોજનાઓ સમયસર પૂર્ણ થશે.'

અગાઉ ચંપઈ અને ગઠબંધન નેતાઓએ દાવો કર્યો હતો કે તેઓ બુધવારે રાત્રે ૯ વાગ્યે રાજ્યપાલને મળવા ગયા હતા અને સરકાર બનાવવાનો દાવો કર્યો હતો. પરંતુ રાજ્યપાલ શપથ ગ્રહણ માટે સમય આપી રહ્યા નહોતા. ઝારખંડમાં નવા સીએમની પસંદગીની પ્રક્રિયા ત્યારે શરૂ થઈ જ્યારે ED એ કથિત જમીન કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં હેમંત સોરેનની ધરપકડ કરી હતી.



# મોરબીની સગીરા સાથે દુષ્કર્મ ગુજારનાર ઢગાને ૧૨ વર્ષની કેદ

## વર્ષ ૨૦૧૪મા સગીરાને લલચાવી ફોસલાવી અપહરણ કરી દુષ્કર્મ ગુજાર્યુ હતું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરમાં રહેતી સગીરાને વર્ષ ૨૦૧૪મા ભગાડી જઈ મરજી વિરુદ્ધ દુષ્કર્મ ગુજારનાર જામનગર જિલ્લાના જનજોધપુર તાલુકાના જામનવાડીના ઢગાને નામદાર મોરબી સ્પેશિયલ પોક્સો કોર્ટે ૧૨ વર્ષની કેદની સજા ફટકારતો હુકમ કર્યો છે.





આ કેસની વિગત જોઈએ તો વર્ષ ૨૦૧૪મા મોરબી શહેરમાં રહેતી સાડા સતર વર્ષની સગીરાને જામનગર જિલ્લાના જનજોધપુર તાલુકાના જામનવાડી ગામનો રાજેશ ઉર્ફે મુન્નો ઉર્ફે સિંધુ નાનજીભાઈ ચાવડા ઉ.૪૪ નામનો શખ્સ લગ્નના ઇરાદે લલચાવી ફોસલાવી ભગાડી ગયો હતો અને પોલીસના હાથે ઝડપાયા બાદ સગીરાની મરજી વિરુદ્ધ વારંવાર દુષ્કર્મ ગુજર્યાનું ખુલ્યું હતું. આ અંગેનો કેસ નામદાર મોરબીની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલી જતા અદાલતે ૧૩ મૌખિક અને ૩૪ દસ્તાવેજી પુરાવાઓ ઉપરાંત મદદનીશ સરકારી વકીલ સંજય સી.દવે અને નીરજ ડી.કારીયાની ધારદાર દલીલો ધ્યાને લઇ આરોપી રાજેશ ઉર્ફે મુન્નો ઉર્ફે સિંધુ નાનજીભાઈ ચાવડાને ૧૨ વર્ષની કેદ અને ૨૨ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો હતો. સાથે જ ભોગ બનનારને ૨,૬૨,૫૦૦ વળતર ઉપરાંત આરોપી દંડની રકમ ભરે તે રકમ મળી કુલ ૨,૮૪,૫૦૦ વળતર અપીલ પિરિયડ બાદ ચૂકવવા હુકમ કર્યો હતો.

# વાંકાનેરમાં ઈંગ્લીશ દારૂના ગુનામાં છેલ્લા ૧૩ વર્ષથી નાસતો ફરતો ઈસમ ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનના ઇંગ્લીશ દારૂના ગુનામાં છેલ્લા ૧૩ વર્ષથી નાસતા ફરતા આરોપીને તળાજા, ભાવનગર ખાતેથી મોરબી લોકલ ક્રાઈમ બ્રાંચે ઝડપી પાડયો છે



મળતી માહિતી મુજબ એલ.સી.બી./ પેરોલ ફર્લો સ્કવોડ, મોરબીના સ્ટાફને ખાનગીરાહે બાતમી મળેલ કે, વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં પ્રોહી કલમ-૬૬(૧)બી, ૬૫એઇ, ૧૧૬બી, ૮૧,૯૮(૨) વિ. મુજબના ગુનામાં નાસતો ફરતો આરોપી ઉમેદસિંહ ઉર્ફે ઉધમસિંહ તેજસિંહ રાવ રહે. ભટવારા તા.જી.સલુંમ્બર (રાજસ્થાન) વાળો હાલે ભાવનગર જીલ્લાના તળાજા વિસ્તારમાં આવેલ હોવાની મળેલ ચોકકસ બાતમીના આધારે ભાવનગર, તળાજા વિસ્તારમાં મહુવા-ભાવનગર રોડ, ઉપર આવેલ ચામુંડા હોટલ ખાતે તપાસ કરતા દારૂના ગુનાના કામેનો નાસતો ફરતો આરોપી ઉમેદસિંહ ઉર્ફે ઉધમસિંહ તેજસિંહ કરણસિંહ રાવ (સાકરોદીયા) ઉ.વ.૪૧ રહે. ભટવારા શેષપુર તા.જી.સલુંમ્બર (રાજસ્થાન) વાળો મળી આવતા આરોપીને હસ્તગત કરી વાંકાનેર તાલુકાના દારૂના ગુનામાં સી.આર.પી.સી. કલમ ૪૧(૧)(આઇ) મુજબ અટક કરી આગળની કાર્યવાહી અર્થે વાંકાનેર તાલુકા પો.સ્ટે.ને સોંપવા કાર્યવાહી હાથ ધરેલ છે.

# રાજુલાના વિકટર ગામે કોળી સમાજ દ્વારા યોજાયેલ સમૂહલગ્ન સમારોહમાં છ નવ દંપતિએ પ્રભુતામાં પગલાં માંડયા

## આ સમુહ લગ્નમાં અનેક સંતો-મહંતોએ ઉપસ્થિત રહી નવદંપતિને આશિર્વાદ પાઠવ્યા

**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

રાજુલા તાલુકાના વિકટર ગામ સમસ્ત કોળી સમાજ સમુહલગ્ન લગ્ન સમિતિ દ્વારા ઉત્સાહ પૂર્વક બીજા સમુહલગ્નનુ આયોજન કરાયુ હતુ જેમાં મહંત મહેશદાસ બાપુ અને ભક્તિરામ બાપુ દ્વારા દિપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી અને ત્યારબાદ બાદ ભક્તિરામ બાપુ (માનવ મંદિર) દ્વારા આશીર્વચન પાઠવ્યા હતાં અને આ પ્રસંગે નાયબ મામલતદાર જયંતિભાઈ મકવાણા, કોળી સમાજના આગેવાન પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય કમલેશભાઈ મકવાણા, પીપાવાવ સરપંચ ભાણાભાઈ ગુજરીયા, જીતુબેન ગોહિલ, દાતરડી સરપંચ ભરતભાઈ જોળીયા,અને પૂર્વ સરપંચ વિનુભાઈ સહિતે સમુહલગ્નમાં જોડાનારા નવદંપતીઓને આશીર્વાદ આપ્યા હતા.આ સમુહલગ્નમાં ૬ જેટલા નવદંપતીએ પ્રભુતામાં પગલાં માંડ્યાં હતાં આ સમુહલગ્નને સફળ બનાવવા વિકટર ગામના કોળી સમાજના આગેવાનો અશોકભાઈ વાજા, મહેશભાઈ મકવાણા, રણછોડભાઈ બાંભણીયા, એડવોકેટ અજયભાઈ શિયાળ, હરેશભાઈ બાંભણીયા, મંગાભાઈ ધાપા, શૈલેષભાઈ ચૌહાણ, દિપકભાઈ ચૌહાણ, આતુભાઈ જાદવ, ભાવેશભાઈ વાજા, અશોકભાઈ મોલાડિયા, રાહુલ ધાપા, અનિલ વાજા, ચેતન બાંભણિયા સહિત આગેવાનો અને સમિતિનાં સભ્યો, સ્વયંસેવકો સહિતની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી





# મોરબીના તરઘરી ગ્રામ પંચાયતના સસ્પેન્ડેડ સરપંચને હોદ્દા પર પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરતા જિલ્લા વિકાસ અધિકારી

**મુખ્ય સમાચાર, જામનગર**

મોરબી જિલ્લા વિકાસ અધિકારી જાડેજાએ કડક પગલું ભરી માળીયા તાલુકા તરઘરી ગામના સરપંચની હથિયાર ધારા તથા સરવડ ગ્રામ પંચાયતના સરપંચને થોડા સમય પહેલા મારામારીના ગુન્હામાં સંડોવણી બદલ ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ હોદ્દા પરથી સસ્પેન્ડ કરવા હુકમ કર્યો હતો. જેનો વિરોધ થતા ગાંધીનગરના અધિક વિકાસ કમિશ્નર દ્વારા સસ્પેન્ડેડ સરપંચને તેના હોદ્દા પર પુનઃ સ્થાપિત કરવા આદેશ અપાયો છે.



જિલ્લા પંચાયત કચેરી - મોરબી, પંચાયત શાખાના જણાવ્યા અનુસાર, માળીયા(મી.) તાલુકાની તરઘરી ગ્રામ પંચાયતના સરપંચ સાગર અંબારામભાઈ ફુલતરીયાને ગુજરાત પંચાયત અધિનિયમ - ૧૯૯૩ ની કલમ - ૫૯ (૧) હેઠળ હોદ્દા પરથી મોકૂફ રાખવાનો જિલ્લા પંચાયત કચેરી - મોરબી દ્વારા હુકમ કરવામાં આવ્યો હતો. જે હુકમથી નારાજ થઈ સાગર ફુલતરીયા દ્વારા આ હુકમ વિરુદ્ધ અધિક વિકાસ કમિશ્નર, ગાંધીનગર સમક્ષ અપીલ અરજી કરવામાં આવી હતી. જેને લઇ અધિક વિકાસ કમિશ્નર દ્વારા આ કેસની ચકાસણી કરીને નવેસરથી નિર્ણય લેવા કેસ રીમાન્ડ(પરત) કરવામાં આવ્યો હતો. ત્યારે આ કેસની ચકાસણી કરીને જે આખરી નિર્ણય લેવાય તેને આધીન રહીને તરઘરી ગ્રામ પંચાયતના સરપંચ સાગર અંબારામભાઈ ફુલતરીયાને પોતાના સરપંચનાં હોદ્દા પર પુનઃસ્થાપિત કરવા હુકમ કરવામાં આવ્યો છે.

## હળવદમાં ઘરમાં સફાઈ કામ દરમિયાન વીજશોક લાગતા પરિણીતાનું મૃત્યુ

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદના કણબીપરામાં રહેતા ૪૦ વર્ષીય પુષ્પાબેન નીતિનભાઈ પરેજીયા ઘરે સફાઈ કામ કરતા હોય તે દરમિયાન ફ્રીઝનો વાયર પ્લગમાંથી કાઢતી વેળા તેમને જોરદાર વીજ કરંટ લાગતા તેમનું મોત નીપજ્યું હતું. સમગ્ર બનાવ અંગે હળવદ પોલીસે અ.મોત રજી. કરી આગળની તપાસ ચલાવી હતી.

# જામનગરમાં મનપાના વોર્ડ નં.૪ના કોંગી કોર્પોરેટરે કૂતરાના ત્રાસને લઈને કર્યુ અનોખું વિરોધ પ્રદર્શન





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૪ ના કોંગી- કોર્પોરેટર રચનાબેન નંદાણીયાએ નવતર પ્રકારનો વિરોધ કર્યો હતો. રસ્તે રઝળતા કુતરાના ત્રાસના મામલે મહાનગરપાલિકાની કચેરીમાં કૂતરાઓ સાથે લઈને સ્ટેન્ડિંગ કમિટીની બહાર ધરણાંપર બેસી જતાં ભારે કુતુહલ પ્રસર્યુ હતું. અને યોગ્ય વ્યવસ્થા કરવાની સાથે નવતર પ્રકારે વિરોધ પ્રદર્શન કર્યુ હતું, અને કૂતરાઓને પણ તકલીફ ન પડે તેવી રીતે તેની વ્યવસ્થા કરાય તેવી માંગણી કરવામાં આવી હતી.સ્ટેન્ડિંગ કમીટીં હોલમાં બજેટ બેઠક મળે તે પહેલાં કમિટી હોલની બહાર આ વિરોધ પ્રદર્શન કર્યુ હતું. જ્યાં સુધી પોતાને માંગણીનો યોગ્ય ઉકેલ કરવાની ખાતરી નહીં અપાય, ત્યાં સુધી દરવાજા પરથી નહીં ઊઠવા જીદ પકડી હતી, જેથી મહાનગરપાલિકાના વર્તુળમાં ભારે દોડધામ થઈ હતી.

# જામનગરમાં ભીમવાસ વિસ્તારને કાયદેસર કરવા રજૂઆત





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નાં ભીમવાસ વિસ્તારને કાયદેસર કરવા રજૂઆત જામનગર જામનગરમાં વોર્ડ નંબર ૪ માં ભીમવાસ વિસ્તાર મા આશરે ૭૫ વર્ષ થી અનુસુચિત જાતિના લોકો વસવાટ કરે છે , જે ભીમવાસ વિસ્તાર કાયદેસર સનદવાળો ન હોય જેથી લોકોને મકાન માં ફેરફાર ( રીનોવેશન ) કરવાના હોય તો કોઈપણ જાતની સરકાર ની યોજનાના લાભ મળતા નથી.આથી આ વિસ્તાર ને નિયમિત કરી આપવો જોઈએ.તેવી રજૂઆત અને માંગણી સાથે નું મુખ્યમંત્રી ને ઉદ્દેશી ને લખવામાં આવેલ આવેદન પત્ર આજે પાઠવાયું હતું . આ ભીમવાસ વિસ્તાર ૭૫ વર્ષ જુનો હોય , આજદિન સુધી કાયદેસર કરી સનદ આપવામાં આવેલ નથી . આ ભીમવાસ વિસ્તારમાં અનુસુચિત જાતિના ગરીબ અને મધ્યમ વર્ગના લોકો રહેતા હોય , વર્ષોથી વસવાટ કરતા હોય , ભારતના સંવિધાનમાં પણ અધિકાર આપવા આવેલ છે કે આર્ટીકલ ૬૫ તથા કલમ ૧૦ મુજબ જે લોકો ૧૨ વર્ષ વધારે સમય થી વસવાટ કરતા હોય તેને કાયદેસરના માલિકી હક્ક આપવા જોઈએ જે આજદિન સુધી આપવામાં આવેલ નથી . ભીમવાસ વિસ્તારના લોકો એ સરકાર સમક્ષ આ વિસ્તાર કાયદેસર કરી આપવા માંગણી કરી છે . આજે મ્યુનિ . કમિશનર અને મેયર ને ભિમવાસ નાં વિજયભાઈ જી . ભાંભી તથા લતાસીઓ દ્વારા આવેદન પાઠવ્યું હતું .

# ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા દ્વારા મોરબીવાસીઓને ભૂતકાળનું પુનરાવર્તન ન કરવા ખાસ તાકીદ કરી

## મોરબીને મહાનગરપાલિકાનો દરજ્જો મળતા નહેરૂ ગેટ ચોકમાં ઉજવણી કરાઇ







**મુખ્ય સમાચાર, મોરબી**

ગુજરાત વિધાનસભાના અંદાજપત્રમાં રાજ્યની સાત નગર પાલિકાને મહાનગરપાલિકાનો દરજ્જો આપવામાં આવ્યો છે જેમાં મોરબી નગરપાલિકાને પણ મહાનગરપાલિકાનો દરજ્જો આપવામાં આવ્યાની જાહેરાત થતા મોરબી જીલ્લા ભાજપ દ્વારા નહેરૂ ગેટ ચોક ખાતે ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે ધારાસભ્ય કાંતિ અમૃતિયા દ્વારા મીડિયા સાથેની વાતચીતમાં પોતાની પ્રતિક્રિયા આપી હતી.

કાંતિ અમૃતિયા દ્વારા જણાવાયું હતુ કે મોરબીને કોર્પોરેશનનો દરજ્જો મળતા મોરબીમાં વિકાસ કામોને અત્યંત ગતિ મળી જશે. આજુબાજુના ગામડાઓનો મૌડા માં સમાવેશ કરવામાં આવશે જેથી સરકારી જમીન મોરબીને મળશે જેમાં બાયપાસ રોડ , બાગ બગીચા, ઈન્ફ્રાસ્ટ્રકચરના કામો થશે શહેરમાં પહોળા રોડ-રસ્તાના કામો થશે તેમજ કોર્પોરેશન થતા મોટા સેક્રેટરી લેવલના અધિકારીઓની અને એન્જીનીયરોની નિમણુંક થશે જેનો સમગ્ર મોરબી જીલ્લાને ફાયદો મળશે.

વધુમાં કાંતિ અમૃતીયાએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૩ માં મોરબીને જીલ્લાનો દરજ્જાની સાથે કોર્પોરેશન અને મૌડાનો દરજ્જો મળવાનો હતો પરંતુ ખોટી અફવાઓમાં આવી શહેરી તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના હિસાબે વિરોધ કરી ગેરમાર્ગે દોરી મોટું નુકસાન કરી બેઠા હતા. ત્યારે હવે સર્વ સમંતિથી મોરબીને કોર્પોરેશનનો દરજ્જો મળ્યો છે થોડા ઘણો ટેક્સમાં વધારો થશે પરંતુ સામે ઘણા ફાયદા થશે જેમ કે કેન્દ્ર તથા રાજ્ય સરકારની વધારાની ગ્રાન્ટ મળશે જેની ઉપયોગ વિકાસના કામોમાં થશે જેથી સમગ્ર મોરબી જીલ્લામાં વિકાસને વધુ ગતિ મળશે. તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

# જામનગર મનપાનું રૂ. ૧૨૪૩.૭ કરોડનું કોઈપણ જાતનો કર વધાર્યા વિનાનું બજેટ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૨૪-૨૫નું રૂ. ૧૨૪૩.૭૦ કરોડનું કરદર વધારા વગરનું પુરાંતલક્ષી બજેટ આજે મ્યુનિ. કમિશનરે સ્ટેન્ડિંગ કમિટીને સુપ્રત કર્યું છે.જામનગર મહાનગર-પાલિકાનું વર્ષ ૨૦૨૪-૨૫ નું વાર્ષિક રૂા. ૧૨૪૩.૭૦ કરોડનું બજેટ મ્યુનિ. કમિશનર ડી.એન. મોદી દ્વારા સ્ટેન્ડિંગ કમિટીમાં ચેરમેનને સુપ્રત કરવામાં આવ્યું હતું. પાણીની લાઈનમાં ડિસ્ટ્રીબ્યુશન નેટવર્કનું સમ્પ, રોડ-રસ્તાના કાર્યો, ગૌરવ પથ, નંદઘર, રિવરફ્રન્ટ, ઓડિટોરિયમ, નવા ફાયર સ્ટેશન, શાક માર્કેટ, સિવિક સેન્ટર, વગેરેનો નવા આયોજનો બજેટમાં સૂચવાયા હતા. આ ઉપરાંત વધુ એક વખત નવા સ્મશાનનું આયોજન પણ સૂચવાયું છે. આ બજેટમાં કરદરમાં કોઈ વધારો સૂચવાયો નથી.જામનગર મહાનગર-પાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક ચેરમેન નિલેષ કગથરાના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં ડે. મેયર વિનોદ ખીમસૂર્યા, ડે. મેયર ક્રિષ્નાબેન સોઢા, સભ્યો, અધિકારીઓ, વગેરે ઉપસ્થિત રહ્યા હતા.જે વર્ષ ૨૦૨૪-૨૫ નું વાર્ષિક રૂા. ૧૨૪૩ કરોડ ૭૦ લાખનું કરદર વધારા વગરનું બજેટ મ્યુનિ. કમિશનર ડી. એન. મોદી દ્વારા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનને સમક્ષ કરવામાં આવ્યું હતું. સાથે જ શિક્ષણ સમિતિનું બજેટ પણ રજૂ કરાયું હતું.અવિરત વિકાસ અને સેવાયજ્ઞને આગળ વધારતા





વિશેષ આયોજનો બજેટમાં સમાવાયા હતા. જેમાં ખીજડિયા ફિલ્ટર પ્લાન્ટ અને ફોરેસ્ટ ઓફિસ (ગંજીવાડા), સુધી બંને ફિલ્ટર પ્લાન્ટની ઠેબા ચોકડી સુધી ૭૦૦ એમએમ ડાયાની લંબાઈ સુધી પાઈપલાઈન માટે રૂ. ૨૦.૮૨ કરોડના ખર્ચનું આયોજન થયું છે. જેમ છેવાડાના વિસ્તારમાં પાણી વિતરણ વ્યવસ્થા વધુ સારી બનશે. ઉપરાંત રૂા. ૨૩.૮૪ કરોડના ખર્ચે પાણી ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક નક્કી કરવામાં આવશે.ઉંડ-૧ ડેમ પાસે ઈન્ટેકબેલ અને મશીનરી માટે રૂા. ૧૦ કરોડ ૯૧ લાખનો ખર્ચ, શંકર ટેકરી અને સમર્પણ ઈએસઆરમાં સમ્પ અને મશીનરી માટે બાર કરોડના ખર્ચનું આયોજન કરાયું છે, રૂ. ૪૩.૮૩ કરોડના ખર્ચ રોડ રસ્તાના કામો, પાયલોટ બંગલાથી પંચવટી માન સરોવર એપાર્ટમેન્ટ સુધી ગૌરવ પથ માટે રૂા. ૧૫.૨૨ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે.૧૦૦ ટકા ધારાસભ્યની ગ્રાન્ટમાંથી ચાર કરોડના ખર્ચે સીસીરોડ-પેવર બ્લોક તથા આયોજન મંડળ હસ્તક ધારાસભ્યની ૧૦, ૨૦ તથા ૧૦૦ ટકા ગ્રાન્ટ અંતર્ગત રૂા. ૩ કરોડના ખર્ચે સીસીરોડ, પેવર બ્લોકના કામો કરવામાં આવશે.જામનગરમાં રૂ. ૬ કરોડ ૩૬ લાખના ખર્ચે બનશે નંદઘર, જયારે રિવરફ્રન્ટ માટે ૬૦૦ કરોડના ખર્ચનો અંદાજ મુકવામાં આવ્યો છે. જેથી શહેરને એક રી-ક્રિએશન ઝોન મળશે.૧૫૦૦ બેઠકની સમક્ષા સાથેનું ઓડીટેરીયમનું પણ આયોજન દર્શાવાયું છે. તથા કાલાવડ રોડ અને લાલપુર માર્ગે એમ બે નવા ફાયર સ્ટેશનના કામો પણ સૂચવાયા છે. શહેરની હદ વધતા જરૂરીયાત મુજબ ખંભાળીયા અને લાલપુર માર્ગે રૂ. ૪ કરોડનું ખર્ચ નવા બે સીવીક સેન્ટર, સુભાષ માર્કેટનું રી-ડેવલોપમેન્ટ ઉપરાંત સ્ટ્રોમ વોટર ડ્રેનેજના કામ અને બે નવા કેટલ પોન્ડ કામો પણ બજેટમાં સૂચવાયા છે.વિશાલ હોટલ પાછળ ૨૨ હજાર ચો.મી. જગ્યામાં સ્પોર્ટ ઓથોરીટી ઓફ ગુજરાતના સહયોગથી રૂ. ૩૧ કરોડના ખર્ચે સ્પોર્ટસ કોમ્પ્લેક્ષનું આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે. હાપા નજીક પાંચ કરોડના ખર્ચે ક્રિકેટ ગ્રાઉન્ડ તેમજ અન્ય સ્થળે ફૂટબોલ ગ્રાઉન્ડનું પણ સરકારના સહયોગથી આયોજન થયું છે.રૂ. સાડાચાર કરોડના ખર્ચે ૧૫ કિ.મી લંબાઈમાં બાઈડનીંગ તથા ડી.પી. રસ્તા ખુલ્લા કરવા તેમજ ટીપી-ડીપીના રસ્તા માટે ૬૫ કિમીની લંબાઈના રસ્તા ખુલ્લા કરવા માટે રૂા. ૧૦ કરોડની ગ્રાન્ટનું આયોજન છે. પેકેજ-૧ અન્વયે રૂા. ૧૯.૫૦ કરોડના ખર્ચે પેકેજ -૨માં ૧૪.૯૫ કરોડના ખર્ચે આસ્ફાલ્ટ રોડનું આયોજન સૂચવાયું છે.વિજયનગર જકાત નાકાથી નાઘેડી બાયપાસ રોડ પર અન્ડર બ્રીજ માટે રૂ. ૧૯.૨૦ કરોડ, તેમજ ત્રીજા સ્મશાન માટે વધુ એક વખત આયોજન જાહેર કાર્યું છે. બેડી મરીનથી વાલસુરા નેવી થઈ રોઝી પોર્ટ સુધી રૂા. ૧૦ કરોડના ખર્ચે નેકલેશ રોડનો પણ ફરી વખત ઈરાદો જાહેર થયો છે.શહેરમાં બે ડિજીટલ લાયબ્રેરી પાર્ટી પ્લોટ, વિકસાવવા, પીપીપીના ધોરણે મીની એમ્યુઝમેન્ટ પાર્ક બનાવવા, કુલ પાંચ ગૌરવ પથ બનાવવા તથા ત્રણ દાદા-દાદી પાર્ક બનાવવાનો ઈરાદો જાહેર કરાયો છે.રણમલ તળાવ ફેસ-૨ના ડેવલોપમેન્ટ માટે રૂ. ૩૫ કરોડ ના સરકારની અમૃત યોજનાની ગ્રાન્ટ અન્વયે કામનું આયોજન માંડવી ટાવરનું રેસ્ટોરેશન, ઈ.બસ સેવા વધારવા શહેરના માર્ગો રોશનીથી સુશોભિત કરવા, પાંચ મેગાવોટ પાવર ગ્રીન-રીન્યુએબલ એનજીર્થી મેળવવા, ગંદા ઘર વપરાશી પાણીનો વૈજ્ઞાનિક ઢબે નિકાસ કરવા માટે ૧૧૦ કરોડના ખર્ચે એસ.ટી.પી અને પમ્પીંગ સ્ટેશન બનાવવા, આવાસ રી-ડેવલોપમેન્ટ, સ્વચ્છ જામનગર સ્વસ્થ જામનગર યોજના અન્વયે સેન્ટી લેન્ડફીલ સાઈટ વિકસાવવા, કમ્પોસ્ટ પ્લાન્ટ વિકસાવવા સહિત મશીનરી વગેરે માટેનું આયોજન પણ ઘડી કાઢવામાં આવ્યું છે. ૧૩ નવી ટીપી સ્કીમના અમલીકરણ, વગેરેનું આયોજન કરાયું છે. આગામી વર્ષમાં રૂા. ૭૯૪ કરોડના કામોનું આયોજન જાહેર થયું છે. જેમાં ગ્રાન્ટ ઉપ્લબ્ધ થયેથી કામો શરૂ કરાશે.આ ઉપરાંત શહેરમાં કરોડો રૂપિયાના ખર્ચે અનેક વિકાસ કામો પ્રગતિમાં હોવાનું જાહેર કરાયું છે. જેમાં ફલાય ઓવરબ્રીજ, રેલવે ઓવરબ્રીજ, અન્ડર બ્રીજ, સાયન્સ નોલેજ પાર્ક, નવા જનલર બોર્ડની ઈમારત, ભુજીયા કોઠાનું રેસ્ટોરેશન, હોસ્પિટલ, આરોગ્ય કેન્દ્ર,રોશનીથી માર્ગ સુશોભિત, ઘરના ઘરની યોજના અન્વયે આવાસ યોજના વગેરે કામોનો સમાવેશ થાય છે.ઉઘડતી પુરાંત રૂ. ૩૬૫.૧૬ કરોડ, સ્વભંડોળની આવક રૂા.૩૧૪.૧૪ કરોડ, ગ્રાન્ટની આવક રૂ. ૧૦૬.૮૬ કરોડ, કેપીટલ સ્વભંડોળની આવક ૩૫ કરોડ, કેપીટલ ગ્રાંટ આવક રૂા. ૫૬૪ કરોડ અનામત આવક રૂા. ૪૧.૩૦ કરોડ અને એડવાન્સ આવક રૂ. ૧.૧૦ કરોડ મળી કુલ ૧૦૬૨. ૪૦ કરોડ અને ઉઘડતી સિલક સહ રૂા. ૧૪૨૭.૫૬ કરોડની આવક સામે ખર્ચના અંદાજમાં મહેસુલી ખર્ચમાં સ્વભંડોળ ખર્ચ રૂ. ૩૬૫.૯૯ કરોડ, ગ્રાન્ટ ખર્ચ રૂા. ૫૫.૦૧ કરોડ, કેપીટલ સ્વભંડોળ ખર્ચ રૂા. ૪૫ કરોડ, કેપીટલ ગ્રાન્ટ ખર્ચ રૂા. ૭.૪૯ કરોડ, અનામત ખર્ચ રૂા. ૨૭.૪૦ કરોડ, તેમજ એડવાન્સ ખર્ચ રૂ. ૧.૩૦ કરોડ મળી કુલ ૧૨૪૩.૭૦ કરોડનો ખર્ચ અને રૂા. ૧૮૩.૮૭ કરોડથી બંધ પુરાંત દર્શાવાઈ છે.મહેસુલી આવક રૂા.૪૨૧ કરોડ અંદાજવામાં આવી છે. જેમાં શરૂઆતની મહેસુલી સિલક કુલ રૂા. ૧૭.૯૩ કરોડ ઉમેરતા કુલ રૂા. ૪૩૮.૯૩ કરોડ અને મહેસુલી ખર્ચ ૪૨૧ કરોડ અંદાજવામાં આવ્યા છે. અને વર્ષાન્તે રૂ. ૧૭.૯૩ કરોડની બંધ મહેસુલી બંધ પુરાંત દર્શાવાઈ છે.મહેસુલી આવક રૂા.૪૨૧ કરોડ અંદાજવામાં આવી છે. જેમાં શરૂઆતની મહેસુલી સિલક કુલ રૂા. ૧૭.૯૩ કરોડ ઉમેરતા કુલ રૂા. ૪૩૮.૯૩ કરોડ અને મહેસુલી ખર્ચ ૪૨૧ કરોડ અંદાજવામાં આવ્યા છે. અને વર્ષાન્તે રૂ. ૧૭.૯૩ કરોડની બંધ મહેસુલી બંધ પુરાંત દર્શાવાઈ છે.

મહેસુલી આવકમાં ટેકસની આવક ૧૧૭.૬૭ કરોડ ટેકસ વગરની આવક ૧૬૧.૫૪, એજ્યુકેશન શેષ, લેબર વેલ્ફેર શેષની આવક રૂા. ૧૮.૪૦ કરોડ, ઓકટ્રોય ગ્રાન્ટ આવક ૪૨ કરોડ અન્ય ગ્રાન્ટ આવક રૂા. ૬૪.૮૫ કરોડ તથા અન્ય આવક રૂા. ૧૬.૫૩ કરોડ મળી ૪૨૧ કરોડ સાથે મહેસુલી ખર્ચમાં એસ્ટા (સ્ટાફ) રૂા. ૯૮.૭૨ કરોડ, એસ્ટા (સફાઈ) રૂા. ૧૦૬.૧૩ કરોડ, એસ્ટા (જેએમટીએસ) રૂા. ૫.૬૪ કરોડ, વહીવટી ખર્ચ રૂા. ૫.૫૮ કરોડ, મરામત નિભાવ રૂ. ૬૬.૧૦ કરોડ મહેસુલી ગ્રાન્ટ ખર્ચ રૂ. ૫૫.૦૧ કરોડ, લોન વ્યાજ ખર્ચ રૂ. ૦.૮૫ કરોડ, એજયુકેશન શેષ લેબર વેલફેર સરકારમાં જમા કરાવવા માટે રૂ. ૧૭.૯૦ કરોડ, પ્રોગ્રામ ખર્ચ રૂા. ૫.૯૩ કરોડ.જાહેર શિક્ષણ ખર્ચ રૂ. ૨૭.૨૫ કરોડ તેમજ કેપીટલ ખાતે ટ્રાન્સફર ખર્ચ રૂ. ૧૧.૭૪ કરોડ મળી કુલ ૪૨૧ કરોડ થવા જાય છે.રૂપિયો કયાંથી આવશે કયાં વપરાશે.મહેસુલી આવકમાં ટેકસની આવક ૨૮ પૈસા, ટેકસ વગરની આવક ૩૮ પૈસા, એજ્યુકેશન શેષ, લેબર વેલફેર શેષ ૪ પૈસા ઓકટ્રોય ગ્રાન્ટ આવક ૧૦ પૈસા, અન્ય ગ્રાન્ટ આવક ૧૬ પૈસા અને અન્ય આવક ૪ પૈસા મળી કુલ ૧૦૦ પૈસા સામે ખર્ચમાં એસ્ટા (સ્ટાફ) ૨૪ પૈસા, એસ્ટા (સફાઈ) ૨૫ પૈસા, એસ્ટા (જેએમટીએસ) ૧ પૈસા વહીવટી ચાર્જ ૧પૈસા, મરામત નિભાવ ૧૬ પૈસા, મહેસુલી ગ્રાન્ટ ૧૨ પૈસા એજ્યુ. વેલફેર શેષ ૪ પૈસા, પ્રોગ્રામ ખર્ચ ૧ પૈસો, જાહેર શિક્ષણ પાંચ પૈસા, પરચુરણ ખર્ચ ૭ પૈસા, કેપીટલ ટ્રાન્સફર ૩ પૈસા મળી ૧૦૦ પૈસા.જામનગર મહાનગર પાલિકાની વિવિધ લોન, પાણી ચાર્જ વગેરે મળી અને વ્યાજ સહિત કુલ રૂ. ૮૧૯૩૮.૭૯ લાખની જવાબદારી અને રૂ. ૬૩૬૪૦. ૯૧ લાખનું લેણું બાકી નીકળે છે. આમ માથા દીઠ આવક રૂ. ૬૯૦૬ ની છે. જ્યારે માથાદીઠ દેવુ રૂ. ૧૩૪૪૦ નું છે.

આમ કરદર વધારા વગરનું અંદાજપત્ર રજુ થયું છે હવે તેમાં સુધારા-વધારા સૂચવી સામાન્ય સભા સમક્ષ રજુ થશે.

# શાપર-વેરાવળમાં શખ્સે પ્રેમજાળમાં ફસાવી સગીરા પર ગુજાર્યો બળાત્કાર

## બે મહિના સુધી શારીરિક શોષણ કરનાર નરાધમ સામે ગુનો નોંધી સંકજામાં લીધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર વેરાવળમાં રહેતા પરીવારની ૧૧ વર્ષની સગીરાને આ જ ગામના ૨૧ વર્ષના ઢગાએ પ્રેમજાળમાં ફસાવી ઘરે કોઈ ન હોય ત્યારે ઘરે બોલાવી વારંવાર દુષ્કર્મ આચર્યુ હોવાની ઘટના પોલીસ ચોપડે નોંધાતા શાપર પોલીસે પોકસો, દુષ્કર્મ સહીતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીને સકંજામાં લઈ વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ ૧૧ વર્ષની બાળાની માતાએ શાપર વેરાવળ પોલીસ મથકમાં રોહિત મનીષભાઈ વાઘેલા ઉ.૨૧ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે રોહિતએ તેની ૧૧ વર્ષની દીકરીને પ્રેમજાળમાં ફસાવી હતી અને દિકરી સ્કુલે જતી ત્યારે તેનો પીછો કરી વાતચીત કરતો તેમજ પોતાના ઘરે કોઈ ન હોય ત્યારે ઘરે બોલાવી દુષ્કર્મ આચર્યુ હતું તેમજ બાળકી ઘરે એકલી હોય તો પોતે પણ તેના ઘરમાં ઘુસી જઈ દુષ્કર્મ કરતો હતો ફરીયાદને પગલે પીએસઆઇ આર.કે. ગોહિલ સહીતના સ્ટાફે આઈપીસી કલમ ૩૭૬ અને પોકસો સહીતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીને સકંજામાં લઈ પૂછપરછ કરતા પોતે ૨ માસથી બાળકી ઉપર નજર બગાડી અતી અને જયારે તક મળે ત્યારે દુષ્કર્મ કરી હવસ સંતોષતો હોવાની કબુલાત આપતા આરોપીની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# રાજુલાના જુની માંડરડી ગામે વીજશોક લાગતા માસુમ બાળકનું મોત





**મુખ્ય સમાચાર, રાજુલા**

રાજુલા રાજુલાના જુની માંડરડી ગામે વીજ શોક લાગતા બાળકનું મોત થયું હતું. જુની માંડરડી ગામે આવેલ ચાંદલીયા ડુંગર સામે વાડી વિસ્તારમાં રમત રહી રહેલ બાળક પર વીજ વાયર પડતાં ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. મૃતક બાળકને પીએમ અર્થે રાજુલા જનરલ હોસ્પિટલ ખાતે ખેસડવામા આવ્યો. આ ઘટનાની જાણ થતાં ગામના સરપંચ વીરજીભાઈ હિમાસીયા, આગેવાન રમેશભાઈ વસોયા, દેવાયતભાઈ લુણી તેમજ આગેવાનો સહિત લોકો દોડી આવ્યા હતાં. મૃતક બાળકનુ નામ ધાર્મિક જગદીશભાઈ બારૈયા ઉ.વ. ૫ હોવાનુ જાણવા મળેલ છે.રાજુલા પોલીસ ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનિય છે કે, રાજુલા પીજીવીસીએલની બેદરકારીના કારણે માસુમ બાળકનુ વીજ શોક લાગતા મોત થયું છે. અહીં વીજપોલમાં સેફ્ટી ગાર્ડ પણ મારવામા આવેલ નથી. પીજીવીસીએલના અધિકારીઓ ઘોર નિંદ્રામાં સુતા હોય તેવુ લાગી રહ્યું છે. જેને લઇ પીજીવીસીએલ વિભાગ દ્વારા વાડી વીસ્તારમાં છુટા પડેલ વીજપોલ પર તેમજ વાયરો પર સેફ્ટી ગાર્ડ મારવામા આવે જેથી ફરીવાર આવી ઘટના ના બને તેવી ગ્રામજનોએ માંગ કરી છે. ત્યારે બાળકના મોતને લઈ ગ્રામજનોમા શોકનુ મોજુ ફરી વળ્યું હતું.

# આરટીઆઈ એક્ટીવીસ તોડબાજ મહેન્દ્ર પટેલ સામે સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ

## સીઆઈડી ક્રાઈમે ગુનો નોંધી કાર્યવાહી કરી: અનેક શાળા સંચાલક પાસેથી પેસાના તોડ કર્યાની શંકા

**મુખ્ય સમાચાર, રાજકોટ**


રાજ્યમાં શાળા શાળાની મંજૂરી વિશે આરટીઆઈ કરી માહિતી માંગ્યા પછી તોડપાણી કરતા મહેન્દ્ર પટેલની પોલીસે ધરપકડ કરી હતી. તેને સુરત શાળા સંચાલક પાસેથી ૬૬ લાખ રૂપિયા પડાવી લીધા હતા.ત્યારે તેમાં વધુ એક ફરિયાદ નોંધાય છે. ભાવનગરના સિહોરમાં શાળા ધરાવનાર શાળા સંચાલક પાસેથી આ શખ્સે પાક ધમકી આપી રૂ.૨૭.૫૦ લાખ પડાવી લીધા હતાં. જે અંગે રાજકોટ સીઆઈડી ક્રાઈમ પોલીસ દ્વારા ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથધરી છે.

આ અંગેની માહિતી મુજબ સિહોરમાં માધનવનગરમાં રહેતા ભોળાભાઈ પરસોત્તમભાઈ ચૌહાણ (ઉં.વ ૪૫) દ્વારા સીઆઈડી કાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી કરિયાદમાં આરોપી તરીકે તોડભાઝ મહેન્દ્ર નનુભાઈ પટેલ(રહે. બીટા કલાસીસ સરગાસણ ચોકડી, ગાંધીનગર) નું નામ આપ્યું છે. તેમને પોતાની હરિયાદમાં જણાવ્યુ હતુ કે, વર્ષ ૨૦૧૮થી શ્રી મનહરબાપા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સિહોર ખાતે આવેલી શૈક્ષણિક સંસ્થામાં તેઓ ટ્રસ્ટી છે. આરોપી મહેન્દ્ર પટેલ સિહોર અને ભાવનગર ખાતે અલગ-અલગ જગ્યાએ તથા ગાંધીનગર ખાતે પોતાની પ્રાઈવેટ કંપનીની ટાવેરા ગાડી માં લાલ અક્ષરથી ગવર્મેન્ટ ઓઠ ગુજરાત લખેલી અવારનવાર અહીં આવી ફરિયાદીના ટ્રસ્ટ સંચાલિત જ્ઞાનગંગા વિદ્યા સંકુલ પ્રાથમિક શાળાના બનાવટી દસ્તાવેજો બનાવી માન્યતા રદ કરાવી ટ્રસ્ટને બદનામ કરી ફરિયાદીની સ્કૂલ વિદ્ધ આર.ટી.આઈ કરી તેઓની પાસેથી બળજબરીપૂર્વક સપ્ટેમ્બર ૨૦૧૯થી આજદિન સુધી રૂપિયા ૨૭.૫૦ લાખ રોકડા પડાવી લીધા હોય અને સ્કુલના ખોટા બનાવટી દસ્તાવેજો બનાવડાવી ખોટા કેસમાં ફિટ કરી દેવા જેવી ધમકીઓ આપી હતી જે અંગે સીઆઈડી ક્રાઈમ દ્વારા ગુનો નોધી આગળની કાર્યવાહી હાથધરી છે.ઉલ્લેખનીય છે કે, તોડબાઝ મહેન્દ્ર પટેલ અનેક શાળા સંચાલકો પાસેથી કરોડો રૂપિયા પડાવ્યા હોવાની શંકાએ આગળની તેની વધુ પુછપરછ શરૂ કરી છે.

# વીંછીયાના અમરાપુર ખાતે તળપદા કોળી સમાજ દ્વારા યોજાયેલ સમૂહ લગ્ન સમારોહમાં ૩૧ નવયુગલોએ પ્રભુતામાં પગલા માંડયા

**મુખ્ય સમાચાર, બિજલ ભેંસજાળીયા**

**જસદણ:** વિંછીયા તાલુકાના અમરાપુર શૈક્ષણિક સંકુલ ખાતે તળપદા કોળી સમાજનો ૨૪મો સમૂહલગ્ન સમારોહ યોજાયો હતો. જેમાં ૩૧ નવયુગલોએ પ્રભુતામાં પગલાં માંડી પોતાની જીવનયાત્રાની શરૂઆત કરી હતી. દિવ્યાતી અને ભવ્યાતિ જાજરમાન સમુહ લગ્ન સમારોહમાં ૮૫ જેટલી વસ્તુઓ કરિયાવરમાં દાતાઓ અને સમૂહ લગ્ન સમિતિ દ્વારા અપાઈ હતી. સમૂહ લગ્ન સમારોહમાં કોળી સમાજનાં આસ્થાનું પ્રતિક એવા સતરંગ જગ્યાના મહંત હરિરામબાપા, કાળાસર જગ્યાના મહંત વાલજી ભગત તેમજ આજુબાજુના તાલુકાઓમાંથી સમાજ શ્રેષ્ઠીઓ હાજર રહી નવયુગલોને આશીર્વચન પાઠવ્યા હતાં. આ કાર્યક્રમમાં સમાજ શ્રેષ્ઠિઓ લાલજીભાઈ મેર,આંબાભાઈ ઓળકિયા,ધીરુભાઈ ઓળકિયા, સુરેશભાઈ ધરજીયા, નાગરભાઈ જીડીયા, પ્રભાતભાઈ યાદવ,ડયાભાઈ યાદવ,વાલજીભાઈ જાદવ,રમેશભાઈ





બાવળીયા,ઇશ્વરભાઇ ભરાડીયા,નટુભાઈ ચાવડા, મહિપતભાઇ જીડીયા,મુકેશભાઈ મકવાણા,ભરતભાઇ આલાણી,એડવોકેટ કાંતિભાઈ ચૌહાણ,ગોવિંદભાઈ બાવળિયા,નીતિનભાઈ રાઠોડ, ગોવિંદભાઈ બાવળિયા,મયુરભાઈ સાકરિયા,રમેશભાઈ મેર,રમીલાબેન કાલીયા,જિજ્ઞાસાબેન મેર,કનકબેન સાપરા,દયાબેન અણીયાળીયા,નયનાબેન સરવૈયા,મહેશભાઈ રાજપરા,ઓઘડભાઈ કુમારખાણીયા, તેમજ ડોક્ટર ટીમ, એડવોકેટ ટીમ,મોટી સંખ્યામાં સમાજ શ્રેષ્ઠીઓ, તાલુકા જિલ્લા પંચાયત સદસ્ય, સરપંચયો અને સહકારી અગ્રણીઓ વગેરે હાજર રહ્યા હતા.

આ સમારોહને સફળ બનાવવા જસદણ તાલુકા પ્રમુખ જેસાભાઈ સોલંકી, વિંછીયા તાલુકા સમસ્ત કોળી સમાજ પ્રમુખ વિનોદભાઈ વાલાણી, જસદણ માર્કેટિંગ યાર્ડના ઉપપ્રમુખ પ્રેમજીભાઈ રાજપરા, જયંતીભાઈ રાજપરા, મનસુખભાઈ જાદવ,દિનેશભાઈ વાલાણી, જસદણ-વિંછીયા સમૂહ લગ્ન સમિતિના સદસ્યો, અમરાપુર શૈક્ષણિક સંકુલ શિક્ષક ગણ તેમજ વિદ્યાર્થી ભાઈઓ બહેનો, જસદણ-વિંછીયા કોળી પટેલ સરકારી કર્મચારીઓ અને યુવા સોશિયલ ગ્રુપની ટીમે જહેમત ઉઠાવી હતી.

# જૂનાગઢ તોડકાંડમાં મુખ્ય સુત્રધાર સસ્પેન્ડેડ પીઆઈ ભટ્ટ અમદાવાદથી ઝડપાયા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**


જૂનાગઢના બહુચર્ચિત તોડકાંડ પ્રકરણમાં સસ્પેન્ડેડ અને ફરાર પીઆઈ તરલ ભટ્ટ અંતે ઝડપાયો છે. અમદાવાદ સ્થિત નિવાસસ્થાને ગઈકાલે એટીએસ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. આ દરમિયાન આજે અમદાવાદના રીંગરોડ પાસેથી આરોપી તરલ ભટ્ટ નાટકીય રીતે ઝડપાઈ જતાં અનેક તર્ક-વિતર્કો વહેતા થયા છે. બીજી તરફ અન્ય બે આરોપીઓની પણ ધરપકડ માટે એટીએસ સક્રિય થઈ છે.

ક્રિકેટ સટ્ટાના નામે બેંક ખાતા ફ્રિઝ કરી તેને અનફ્રિઝ કરવાના બદલામાં મોટી રકમનો તોડ કરવા મામલે જૂનાગઢ એસઓજી પીઆઈ એ.એમ. ગોહિલ, એએસઆઈ દિપક જાની અને માણાવદરના સીપીઆઈ સામે ગુનો દાખલ થયો હતો. આ ત્રણેયને સસ્પેન્ડ કરાયા હતા. હાલ આ મામલે એટીએસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. એસઓજીના પીઆઈ તથા એએસઆઈએ તરલ ભટ્ટે બેંક ખાતાની વિગતો આપી હતી. આથી આ તોડકાંડનો મુખ્ય સુત્રધાર તરલ ભટ્ટ હોવાનું માનવામાં આવી રહ્યું છે. તરલ ભટ્ટ ફરાર થઈ ગયો હતો અને તે વિદેશ ભાગી ગયો હોવાની પણ ચર્ચા ચાલી રહી હતી. પરંતુ આજે તરલ ભટ્ટની અમદાવાદથી ધરપકડ કરી લેવાઈ છે. હવે પૂછપરછમાં મોટા ખુલાસા થવાની શક્યતા છે.

મહત્ત્વનું છે કે, જૂનાગઢના માણાવદરના સર્કલ પીઆઈ તરલ ભટ્ટ, એસઓજી પીઆઈ એ એમ ગોહિલ તેમજ એએસઆઈ દીપક જાની સહિતના સ્ટાફ દ્વારા કરોડો રૂપિયાના શંકાસ્પદ વ્યવહાર ધરાવતા બેંક એકાઉન્ટને ફ્રીઝ કરીને ઈડી અને ઈન્કમટક્સ વિભાગમાં રિપોર્ટ કરવાની ધમકી આપીને લાખો રૂપિયાનો તોડ કરવાના કેસમાં એટીએસ દ્વારા તપાસ શરૂ કરાયા બાદ જુનાગઢમાં એસઓજીની ઓફિસ, માણાવદરમાં આવેલી તરલ ભટ્ટની ઓફિસ અને જૂનાગઢમાં આવેલા નિવાસ સ્થાન તેમજ અમદાવાદના સોલા સ્થિત મકાન પર તપાસ કરવામાં આવી હતી ત્યારબાદ મોડી રાત્રે ધરપકડ કરવામાં આવી હતી.

# ૪ વર્ષના ધનુષને કાનના મશીન માટે દાન આપવા જાહેર જનતાને અપીલ

**મજૂરી કામ કરી પેટીયુ રળતા બાળકનું ૧૩ લાખના ખર્ચે ઓપરેશન થયુ હતું કાનની બહારનું મશીન ગુમ થઇ જતાં દોઢ મહિનામાં આ મશીન ફીટ ન થાય તો ફરી અતિ જોખમી ઓપરેશન કરવું પડે તેવી સ્થિતિ: નવું મશીન મુકવા રૂા.સાડા ચાર લાખની જરૂર**




**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજી ડેમ પાસે રહીને મજૂરી કામ કરીને ગુજરાન ચલાવતો એક પરિવાર મુશ્કેલ સ્થિતિમાં મૂકાઈ ગયો છે. શ્રમિક દિપકભાઈ ચાવડાનો પુત્ર ધનુષને બહેરાશ હતી. ૪ વર્ષીય ધનુષને સરકારી સહાયથી રૂા. ૩ લાખના ખર્ચે મગજમાં રૂા. ૧૩ ચીપ બેસાડવાનું ઓપરેશન કરાયુ હતું. આ સર્જરી બાદ , ધનુષે કાનમાં એક વિશેષ પ્રકારનું મર્શીન પહેરવાનું હોય છે. સર્જરી બાદ એ મશીનના સહયોગથી બહેરાશ દૂર થઇ હતી.

તાજેતરમાં રાજકોટના માર્ગ પર કાર્નેની બહારનું મશીન ગુમ થઈ જતા શ્રમિક પરિવાર મુશ્કેલીમાં મૂકાઈ ગયો છે. આ મશીન અંગે પોલીસ ફરિયાદ અને અપીલ પણ કરવામાં આવી હતી. મશીન ગુમ થઈ જતા બાળકને સંભળાતું બંધ થઈ ગયું છે. અપીલ બાદ મશીન પરત મળ્યું નથી. આ મશીનની કિંમત રૂા. સાડા ચાર લાખ છે. શ્રમિક પરિવાર આટલા ખર્ચી શકે તેમ નથી. તબીબી અભિપ્રાય પ્રમાણે દોઢ મહિનામાં નવું મશીન ન મળે તો બાળકના મગજનું ફરીથી ઓપરેશન કરીને ચીપ બદલવી પડે. આ સર્જરી હવે બાળકના જીવ માટે જોખમી પણ છે. શ્રમિક પરિવાર આ સ્થિતિથી સ્તબ્ધ છે. ધનુષના માતા નિકિતાબેન, પિતા દીપકભાઈ અને અન્ય સ્વજનો ચિંતાતુર બન્યા છે.

સમાજના સુખી પરિવારો સહયોગ કરે તો ધનુષને ફરી જોખમી ઓપરેશનથી બચાવી શકાય તેમ છે. ટીપે-ટીપે શ્રમિક પરિવારના સુખનો સાગર છલકાઈ જાય તેમ છે. ચિંતાતુર શ્રમિક પરિવાર દાતાઓ તરફ આશાભરી દ્રષ્ટિ માંડીને બેઠો છે. ધનુષને આર્થિક સહાય કરવા ઇચ્છતા લોકો ડાયરેક ખાતામાં રકમ જમા કરાવી શકે છે. આ અંગે વધારે વિગતો માટે મો. ૮૮૬૬૮ ૬૮૮૩૯, મો. ૯૫૫૮૩ ૯૩૦૩૨ નંબર પર સંપર્ક થઈ શકે છે.

# જસદણની ભાદર નદીને ગાંડીવેલનું ગ્રહણ લાગ્યું, પર્યાવરણ સુરક્ષાના નામે મીંડું

## જસદણની ભાદર નદી એક સમયે ખળખળ વહેતી હતી પરંતુ હવે તંત્ર અને રાજકારણીઓના પાપે આજે ભાદર નદી છીછરી અને દુષિત થઈ છે

**મુખ્ય સમાચાર, બિજલ ભેસજાળીયા**

**જસદણ:** જસદણની મધ્યમાંથી પસાર થતી જૂની ભાદર નદી પર ગાંડીવેલની વણઝાર આમ તો જોવી ગમે. પરંતુ વાસ્તવિકતા જોઈએ તો આ વેલ થકી આ પાણી કોઈ કામનું રહેતું નથી. પશુઓ માટે આ પાણી પીવાલાયક પણ રહેતું ન હોય તો આ પાણી શું કામનું તેવા સવાલો જાગૃત લોકોમાં ઉપસ્થિત થાય છે. એકબાજુ વર્ષોથી જસદણની ભાદર નદીમાં આખા શહેરનો કચરો ઠાલવી વધુને વધુ ગંદુ પાણી કરી નગરજનો જ રોગચાળો ફેલાવી રહ્યા છે. છતાં જસદણ નગરપાલિકાના જવાબદારો દર વર્ષે હરખભેર વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી પણ કરે છે અને પર્યાવરણની સુરક્ષા માટે કરાતી જાહેરાતો માત્ર ફોટોસેશન માટે જ કરાતી હોય તેવું આ ચિત્ર પરથી સ્પષ્ટ દેખાઈ આવે છે. હાલ ગાંડીવેલ જાણે કે ગાંડીતૂર બની હોય તેમ ભાદર નદીને પણ નહી છોડતા પર્યાવરણ સુરક્ષાના નામે મીંડું જોવા મળી રહ્યું છે. હાલ જસદણની ભાદર નદીને ગાંડીવેલનું ગ્રહણ લાગી ચુક્યું છે. છતાં જસદણ નગરપાલિકા તંત્ર પર્યાવરણની જાળવણી માટે આગળ આવવા માટે તૈયાર નથી. જેથી આ ભાદર નદી પર તંત્રના બાબુઓએ ખાસ ધ્યાન દેવાની જરૂરીયાત છે તેવું જસદણના જાગૃત નગરજનોનું માનવું છે.





# મોરબીમાં છેતરપીંડીના ગુનામાં બે વર્ષથી નાસતો ફરતો સોની કારીગર સુરતથી ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી એ ડીવીજન પોલીસ સ્ટેશનના સોનાના દાગીના બનાવનાર સોની કારીગર દ્વારા આચરેલ વિશ્વાસઘાત / છેતરપીંડીના ગુનાના કામનો છેલ્લા ૨ વર્ષથી નાસતા ફરતા આરોપીને સુરત ખાતેથી મોરબી ક્રાઇમ બ્રાન્ચ / પેરોલ ફર્લો સ્કવોડની ટીમે ઝડપી પાડયો.

મોરબી એલ.સી.બી. તથા પેરોલ ફર્લો સ્કવોડ નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે પ્રયત્નશીલ હતા તે દરમ્યાન પેરોલ ફર્લો સ્કવોડને ખાનગી રાહે બાતમી મળેલ કે, મોરબી સીટી એ ડીવી પો.સ્ટે.એ પાર્ટ ઇ.પી.કો. કલમ-૪૦૬,૪૨૦ વિ. મુજબના ગુનાના કામનો નાસતો ફરતો આરોપી ઘનશ્યામ ભાસ્કરભાઇ સરદાર રહે. ખાનાકુલ ચંન્દ્રકુલ મારોખાના જી.હુગલી (પંશ્ચિમ બંગાળ) વાળો સુરત જિલ્લા ખાતે હોવાની ચોક્કસ બાતમી મળતા જે બાતમીના આધારે ઉપરોકત સ્ટાફના માણસો સાથે સુરત ખાતે જઇ બાતમીવાળી જગ્યાએ તપાસ કરતા આરોપી ઘનશ્યામ ભાસ્કરભાઇ સરદાર /બંગાળી ઉ.વ.૩૦ રહે. ખાનાકુલ ચંન્દ્રકુલ મારોખાના જી.હુગલી (પંશ્ચિમ બંગાળ) હાલ રહે. સુરત હિરા બજાર કાજનીવાડી વાળો સુરત રામપુરા મહાકાળી માતાજીના મંદિર પાસે શ્રી આર્કેટ કોમ્પલેક્ષ ગ.ઇ જવેલર્સ ખાતેથી મળી આવતા આરોપીને હસ્તગત કરી મોરબી એલ.સી.બી કચેરી ખાતે લાવી અટક કરી આગળની કાર્યવાહી અર્થે મોરબી સીટી એ ડીવી પો.સ્ટે.ને સોપી આપેલ છે.



# જામનગર નજીક મોરકંડા ગામ પાસે ઠંડા પીણાની દુકાન પર નશાકારક પીણાની ૬૯ બોટલ મળી આવી




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નજીક મોરકંડા ગામના પાટીયા પાસે આવેલી એક ઠંડા પીણાની દુકાન પર એસ.ઓ.જી. શાખાની ટુકડીએ દરોડો પાડ્યો હતો, અને નશાકારક પીણાંની ૬૯ બોટલો કબજે કરી લઈ તેના સંચાલકની પૂછપરછ હાથ ધરી છે.જામનગરની એસ.ઓ.જી. શાખાની ટુકડીને બાતમી મળી હતી, કે મોરકંડા ગામના પાટીયા પાસે આવેલી હિંગળાજ પાન ઘર નામની દુકાનમાં શંકાસ્પદ પીણાંની બોટલો રાખીને તેનું વેચાણ કરવામાં આવી રહ્યું છે, જે બાતમીના આધારે એસ.ઓ.જી. શાખા ની ટુકડીએ દરોડો પાડયો હતો. જે દરોડા દરમિયાન દુકાનમાંથી ૬૯ નંગ શંકાસ્પદ નશાકારક પીણાની બોટલોનો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે રૂપિયા ૮,૯૭૦ ની કિંમતનો નશાકારક પીણાનો જથ્થો કબજે કરી લીધો છે, અને પંચકોષી બી. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આ અંગેની નોંધ કરાવી છે, અને દુકાનના સંચાલકની વધુ પૂછપરછ હાથ ધરી છે.

# જામનગરમાં રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમની સમીક્ષા બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા પંચાયતના સભાખંડ ખાતે રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કક્ષાની સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષમાં ૨ વાર આ પ્રકારની સમીક્ષા બેઠકનું આયોજન કરાતું હોય છે. જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને આયોજિત આ બેઠકમાં શાળા આરોગ્ય તપાસણી અને પ્રાથમિક શાળાઓમાં સેમિનારનું આયોજન વગેરે મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી.જિલ્લા વિકાસ અધિકારીએ બેઠકમાં સમિતિના સદસ્યો સાથે વિસ્તૃતપણે ચર્ચા-વિચારણા કર્યા બાદ જણાવ્યું હતું કે, શાળાઓની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તાર પર રેગ્યુલર ચેકીંગ થવું જોઈએ. તેમજ શાળા-કોલેજોના બાળકોને તમાકુની આડ-અસર વિષે સમજણ મળે તે જરૂરી છે. શાળાની આસપાસ સ્વચ્છતા જળવાય રહે તે બાળકોના આરોગ્ય માટે આવશ્યક છે. તમાકુનું ગેરકાયદેસર રીતે વેચાણ કરવા વિરુદ્ધ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવે છે. જી.જી. હોસ્પિટલ ખાતે વ્યસનમુક્તિ માટે વિશેષ કાઉન્સેલિંગ પ્રોગ્રામનું આયોજન કરાય છે, જેમાં નાગરિકોએ બહોળી સંખ્યામાં ભાગ લેવો જોઈએ.આ ઉપરાંત, નેશનલ પ્રોગ્રામ ફોર કલાયમેટ ચેન્જ એન્ડ હ્યુમન રિસોર્સની સમીક્ષા બેઠકમાં સહિત ઋતુગત ફેરફારો અને કોલ્ડ વેવ અંગે જરૂરી માર્ગદર્શિકાની ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.આ બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ભાયા, તાલુકા હેલ્થ ઓફિસરઓ, જિલ્લા આરોગ્ય વિભાગના કર્મચારીગણ અને સમિતિના અન્ય સદસ્યઓ ઉપસ્થિત રહ્યા હતા.



# મોરબીને મહાનગરપાલિકાનો દરજ્જો આપવા બદલ સરકારનો આભાર માનતા પૂર્વ મંત્રી બ્રિજેશ મેરજા

## ગુજરાતનું નવું બજેટ સાર્વત્રિક વિકાસનો સ્ત્રોત બની રહેશે, મોરબીને મહાપાલિકાનો દરજજો પ્રજાનો વિજય:બ્રિજેશ મેરજા

**મુખ્ય સમાચાર, મોરબી**

ગુજરાત સરકારના ઐતિહાસિક બજેટ ને આવકારતા પૂર્વ મંત્રી બ્રિજેશ મેરજા જણાવ્યું છે કે આ બજેટ યુવાનો ,મહિલાઓ ,ખેડૂતો અને ગરીબો ના સાર્વત્રિક વિકાસનો સ્ત્રોત બની રહેશે બજેટમાં નમો સરસ્વતી અને નમો લક્ષ્મી યોજના માં બાળકો કિશોરીઓ અને મહિલાઓ તેમજ શિક્ષણ ક્ષેત્રે અમૂલ પરિવર્તન લાવશે , સ્માર્ટ આંગણવાડીઓ માટે૧૮૦૦ કરોડની જોગવાઈ આવકાર્ય છે વધુમાં બ્રિજેશ મેરજા એ ઉમેર્યું છે કે આ બજેટનું કદ ૩૩૨ ૪ ૬૫ કરોડનું છે જે ગુજરાત સરકારના ઇતિહાસમાં સૌથી મોટું કદ ધરાવતું બજેટ છે સાચા અર્થમાં સુશાસનને રામરાજ્યમાં ચરિતાર્થ કરવામાં ઉપકારક બની રહેશે પરિવહન ક્ષેત્રે ૨૫૦૦ જેટલી નવી બસ સુવિધા મોરબી સહિત અન્ય આઠ મહાનગરપાલિકા કેન્સર ની સારવાર માટે ૬૦૦ કરોડ નો નવો પ્રોજેક્ટ માટે. સ્કિલ બંધ યુવાનો તૈયાર કરી ૧૮ થી ૬૦% ની રોજગારીનો ધ્યેય બુકલેટ કરવામાં આવેલ છે. માર્ગ મકાન ક્ષેત્રે ૨૦ ૬૪૨ કરોડની જોગવાઈ માર્ગ સુવિધા થકીખૂબ સુવિધાજનક માર્ગ ઉપલબ્ધ બનાવી શકાશે. અંતમાં બ્રિજેશ મેરજા જણાવ્યું છે કે મોરબીને મહાનગરપાલિકા નો દરજ્જો એ મોરબીના લોકોને વર્ષો જૂની લાગણી નો પડઘો છે આ માંગણી સ્વીકારીને ગુજરાત સરકારે મોરબીના વિકાસ માટે નવા દ્વાર ખોલી આપ્યા છે મોરબીને મહાનગરપાલિકા નો દરજ્જો મળે તે માટે સૌના સામૂહિક પ્રયાસો સાર્થક થયા છે . મોરબીની જનતા આ યશની અધિકારી છે .



# મોરબી નગર પાલિકાને મહાનગરપાલિકાનો દરરજો આપવાના નિર્ણયને આવકારતા મોરબી ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ

**મુખ્ય સમાચાર, મોરબી**

ગુજરાત વિધાનસભામાં બજેટ સત્રના બીજા દિવસે આજે નાણામંત્રી કનુ દેસાઈ દ્વારા બજેટ રજૂ કરવામાં આવી રહ્યું છે. સતત ત્રીજી વખત બજેટ રજૂ કરતા નાણામંત્રીએ બજેટમાં ૮ શહેરોને મહાનગરપાલિકાનો દરજ્જો આપવાની જાહેરાત કરી છે. જેને મોરબી ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ જયંતીભાઈ પટેલ દ્વારા આવકારવામાં આવી રહ્યો છે.

મોરબી ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ જયંતીભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, આજે વિધાનસભામાં ગુજરાતનું વર્ષ ૨૦૨૪-૨૫નું બજેટ રજૂ થયું હતું. જેમાં મોરબી નગરપાલિકાને મહાનગરપાલિકા બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. જેને અમે આવકારીએ છીએ.

મોરબી નગરપાલિકાને મહાનગરપાલિકા બનાવવા છેલ્લા ઘણા સમયથી માંગ કરવામાં આવી રહી હતી. જે અંતે સંતોષાય છે. ઘણા સમયથી મોરબીમાં કોઈ પણ આયોજન વગર વિવિધ વિકાસનાં કામમાં જે રુકાવટ આવેલ તે કોર્પોરેશનની જાહેરાત થતા વહીવટદાર શાસનનો પણ અંત આવશે. અને તાત્કાલિક કોર્પોરેશનની રચના થાય અને તેના નિયમ અનુસાર ઝડપથી તેનો અમલ થાય તેવી ગુજરાત સરકાર સમક્ષ જયંતીભાઈ પટેલ દ્વારા માંગ કરવામાં આવી છે. કોર્પોરેશનની રચના પછી મોરબીની કાયાપલટ થશે તેવી આશા હોવાનું પણ મોરબી ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ જયંતીભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું હતું.'



# ત્રણ વર્ષ પહેલાં નવજાત શિશુને તરછોડનાર દંપતિ બે વર્ષની સજા

## પાટણવાવ રોડ પર પુલ નીચે કચરામાં નવજાતને ફેંકી દેવાયું'તુ

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

ઉપલેટામાં નવજાત શિશુને તરછોડનાર દંપતીને બે વર્ષની સજા અને પાંચ હજારનો દંડ ઉપલેટા કોર્ટ દ્વારા ફટકારવામાં આવ્યો છે.

આ કેસની વિગત મુજબ ઉપલેટા નામદાર કોર્ટના આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર જે.એમ. ટાંક દ્વારા જણાવાયું છે કે, ઉપલેટા શહેરના પાટણવાવ રોડ ઉપર વર્ષ ૨૦૨૧ માં માલ ઢોર ચરાવતા એક માલધારીને પાટણવાવ રોડ પર આવેલ પોલીસ ચોકી પાસેના પુલ પાસેથી અવાવરૂ જગ્યામાં એક રડતું બાળક મળી આવ્યું હતું કે બાદ આ મળી આવેલ બાળકને લઈને ઉપલેટા પોલીસ મથકમાં તરછોડનારના માતા-પિતા સામે તુરંત પોલીસ ફરિયાદ નોંધવામાં આવી હતી.




જેમાં પોલીસ ફરિયાદ નોંધાયા બાદ ઉપલેટાની નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ હતું જે બાદ કેસ નંબર સી.સી. ૧૦૨/૨૦૨૨ થી ચાલેલો હતો જેકેસ કોર્ટમાં ચાલી જતાં બાળકના પિતા અમદા ઝંડુ માલિયા (રાઠવા) તેમજ માતા પાનડીબેન ડો/ઓ ધાનકા વાસ્કેલિયાને તકસીરવાન ઠરાવેલ છે જેમાં ફરિયાદ પક્ષે રજુ થયેલ પુરાવાઓ અને દલીલોને ધ્યાને લઈ ઉપલેટાના મહેરબાન પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ જજ એ.એ. દવેએ તાજા જન્મેલા બાળકને તરછોડી દેવાના ગુનામાં માતા-પિતાને આરોપીઓ જાહેર કરીને બે વર્ષની સજા અને રૂપિયા ૫,૦૦૦ નો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

ઉપલેટા કોર્ટ દ્વારા કરાયેલ હુકમની સાથે એવો પણ હુકમ કરવામાં આવ્યો છે કે જેમાં આ બાળક હાલ બે વર્ષથી નાની ઉંમરનું છે જેથી બાળકની કસ્ટડી સાથે સજા વોરંટ ભરવાનો પણ હુકમ કર્યો છે અને જેલ ઓથોરિટીને બાળકની ચાઈલ્ડ વેલફેર કમિટી દ્વારા સિવિલ હોસ્પિટલમાં મેડિકલ કરાવી તેની માતા સાથે જેલમાં રાખવા અને બાળકની પૂર્તિ કાળજી રાખવા, ચાઈલ્ડ વેલફેર કમિટી દ્વારા દેખરેખ હેઠળ રાખવા જેલરને યાદી પાઠવતો હુકમ કર્યો છે.

# મેટોડાથી વડવાજડી જતા પિતા-પુત્ર પર તોતીંગ ટ્રક ફરી વળતા કરૂણ મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની ભાગોળે મેટોડા જીખઈડીથી પાસે : કામ પૂર્ણ કરી બાઈક પર પર તરફ જઈ એવા પિતા પુત્ર પર મહાકાય ટ્રકના તોતિંમ ગીલ કરી વળતાં બંનેના ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતા. આ ઘટનાથી પરિવારમાં ભારે કલ્પાંત સર્જાયો હતો.

આ અંગેની માહિતી મુજબ કાલાવડ રોડ પર આવેલ વડવાજડી ગામે રહેતાં સંજયસિંહ જીલુભા ભાટી (ઉ.૨.૭૫) અને તેના પિતા જીલુભા ભાટી (૩.૫.૬૨) સાથે આઈકમાં જોલી સવારે મેટોડા જીબઈડીસીમાં મજૂરી કામે આવ્યા હતાં. દરમિયાન તેઓ ૧૧ વાગ્યાની આસપાસ કામ પુરુ કરી પોતાના ઘરે વડવાજડી જવા માટે બાઈક કાઈ જ નીકળ્યા ત્યારે જીખાઈડીસી બેટ નં.૧






ની બહાર નીકળતા પાછળથી પુરપાટ ઝડપે આવેલ કાળમુખા ટ્રકે બાઈકને હડકટે લેતા પિતા-પુત્ર લોડ પર પટકાયા હતાં અને પાછળથી મોત બનીને આવી રહેલ ટ્રાના તોતિંગ શીલ પિતા-પુત્રની માથે કરી વાળ્યાં હતાં. બનાવમાં માથાના ભાવે અને શરીરમાં પાંબીત પહોંચતા પિતા-પુત્રના ઘટનલજને જ મોત નિપજ્યા હતાં. ઘટનાપ્રથાને લોઠીના તીનેદોના એકઠાં થર્ષ ટ્રાવકિ જામ પણ મમ/વો હતો. બનાવની જાણ થતાં મેટોડા પોલીસ મથકના પીખેમબાઈ કુલદિપસિંહ બોહિલ સહિતનો સ્ટાર ઘટનારથો દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કમી પિતા-પુલના મૃતદેરી પીબેમ બર્થ લોધિકા નોસ્પિટલે મકોડયા હતાં. દરમિયાન અકસ્માત ન ટક મૂડી નાસી છૂટયો હતો. પોલીએ મનાવ અંગે ગુનો નોંપવા તજવીજ હાથ ધરી હતી. બનાવથી બુરાના પલિડરમાં તયશિક્ષ વાયો હતો. કાળમુખ્ય હોકરે મોતને ભેટેલા પિતા-પુત્રમાં ૩૫ વર્ષીય સંજપતિ પરિવારનો એક નો એક પુત્ર હતો. જજ્યારે તેમને અંતાનમાં એક પુત્ર-પુત્રી નોંધાનું સામે આવ્યું હતું. બનાવથી બે મંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતાં પરિવારમાં કાળો કાપાંત છવાથી હતો.

# દ્વારકા એલસીબીનો સપાટોઃ કુરંગા ગામ પાસે ૫૩ લાખનો દારૂ ભરેલો ટ્રક ઝડપી લીધો

## પોલીસે રાજસ્થાની ટ્રક ચાલકની ધરપકડ કરી રૂા.૮૮.૨૯ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પંજાબના સપ્લાયરની શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દ્વારકા જિલ્લાની સ્થાનિક ગુના શોધક શાખા દ્વારા રાત્રિના પેટ્રોલિંગ દરમિયાન કુરંગા ગામ નજીકથી પસાર થતા એક ટ્રકમાંથી રૂપિયા ૫૩ લાખની કિંમતની વિદેશી દારૂની ૧૩ હજારથી વધુ બોટલ સહિત કુલ રૂપિયા ૮૮.૨૯ લાખના મુદ્દામાલ સાથે રાજસ્થાની ટ્રકચાલકને ઝડપી લેવામાં આવ્યો હતો જ્યારે પંજાબથી જંગી દારૂનો જથ્થો ભરાવી આપનાર રાજસ્થાનના સપ્લાયરનું નામ ખુલતા શોધખોળ હાથ ધરાઈ છે.

આ અંગેની માહિતી મુજબ વિગત મુજબ, દેવભૂમિ દ્વારકા જિલ્લા એલસીબી પોલીસ ટીમ ગુરુવારે પેટ્રોલિંગમાં હતી, ત્યારે દ્વારકા તાલુકાના કુરંગા ગામ પાસે આવેલી એક હોટલના કમ્પાઉન્ડમાં પાર્ક કરવામાં આવેલા જી.જે. ૩૭ ટી. ૫૩૭૬ નંબરના એક ટ્રકમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યું હોવા અંગેની દ્વારકા નજીક વિદેશી દારૂ સાથે ટ્રકચાલક પકડાયો.



ચોક્કસ બાતમી મળી હતી. જેથી આ સ્થળે ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ ટ્રકમાં કરવામાં આવેલા ચેકિંગમાં પશુ આહાર હેઠળ છુપાવીને રાખવામાં આવેલી વિદેશી દારૂની બાટલીઓ ભરેલી પેટીઓનો તોતિંગ જથ્થો મળી આવ્યો હતો.

પરિણામે પોલીસ કાર્યવાહીમાં આ ટ્રકમાંથી રૂપિયા ૫૩,૦૮,૮૦૦ની કિંમતની વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની ૧૩,૨૭૨ બોટલ તેમજ રૂ. ૧૦,૦૦૦ની કિંમતના પશુ આહારના ૧૦૦ બાચકા તેમજ રૂપિયા ૩૫ લાખની કિંમતના ટ્રક મળી, કુલ રૂપિયા ૮૮,૨૯,૯૪૦નો મુદ્દામાલ પોલીસે કબજે લીધો હતો. આ સ્થળેથી રાજસ્થાન રાજ્યના બાડમેર જિલ્લાના રામસર તાલુકાના વતની એવા કૈલાસકુમાર મોહનલાલ બિશ્નોઈ નામના ૨૫ વર્ષના શખસને દબોચી લેવામાં આવ્યો હતો. આ પ્રકરણમાં રાજસ્થાનના સાંચોર ખાતે રહેતા ગોપાલ નામના શખસ દ્વારા પંજાબથી દ્વારકા જિલ્લામાં સપ્લાય કરવા માટે દારૂનો જથ્થો મોકલવામાં આવ્યો હોવાનું પોલીસ સમક્ષ ખુલવામાં પામ્યું છે.

# મેંદરડાના રાજેસર ગામે વેપારીના ઘરમાં ઘૂસી રિવોલ્વર બતાવી રૂા.૭૦ લાખની લૂંટ

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

મેંદરડા તાલુકાના રાજેસર ગામે જૂનાગઢના પરિચિતે પૂર્વયોજીત કાવતરા મુજબ ઘરમાં પ્રવેશી સાથે ચા-પાણી પીધા બાદ અન્ય બે શખસોને બોલાવી, આધેડ અને વૃદ્ધ ભાઈઓ ઉપર હુમલો કરી રિવોલ્વર બતાવી તિજોરી ખોલી સોનાના આઠ બિસ્કીટ, ૨૧ કિલો ચાંદી તથા ૯ લાખ રોકડ મળી કુલ રૂા.૮૧ લાખ ૭૨ હજારના મુદ્દામાલની લુંટ ચલાવી નાસી ગયાની ફરિયાદ નોંધાતા પંથકમાં ચકચાર પ્રસરી ગઈ છે.

આ અંગેની માહિતી મુજબ રાજેસર ગામે રામ મંદિર પાસે રહેતા અને ઘરે જ સોની કામનો વ્યવસાય કરતા જીતેન્દ્ર ઉર્ફે જીતુભાઈ વ્રજલાલ લોઢીયા (સોની) ઉ.૫૨ તથા તેના મોટાભાઈ તુલસીદાસભાઈ ગત સાંજે જમીને બેઠા હતા ત્યારે જૂનાગઢના ગિરનાર દરવાજા વિસ્તારમાં રહેતા દિપક અશોક જોગીયા જે વારંવાર ધંધાર્થે ઘરે આવતોહોય તેથી પરિચિતના નાતે સાંજના આઠેક વાગ્યે



ઘરે આવ્યા હતા.

આ શખસને મોડી સાંજે આવવાનું કારણ પુછતા જણાવેલ કે સમઢીયાળા આવ્યો હતો. તેથી મળતો જાઉ તેમ જણાવેલ બાદમાં જીતેન્દ્રભાઈ રસોડામાં ચા બનાવી સાથે ચા પીધી હતી. બાદમાં તુલસીદાસભાઈ હોલમાં ટી.વી. જોવા જતા રહ્યા હતા અને જીતુભાઈ રસોડામાં પાણી પીવા જતા પાછળથી બુકાની બાંધેલ બે શખસો ઘરમાં પ્રવેશી રસોડામાં એક શખસે લાત મારતા પડી ગયો હતો. બાદમાં અજાણ્યા શખસે પોતાની બુકાની કાઢી જીતુભાઈના મોઢે બાંધી દઈ, રિવોલ્વર જેવું હથિયાર લમણા ઉપર તાકી કહેલ કે હલતો નહીં.

ત્યાર બાદ સાથે આવેલ શખસે છરી સાથે તુલસીદાસ પાસે પહોંચી, ઢોરમાર મારી, ઘરના જુના રસોડામાં લઈ ત્યારપછી દિપક જોગીયા જે ઘરે વારંવાર આવતો હોય, તિજોરીની ચાવી રાખવાની જગ્યાનો તથા ઘરનો પુરતો જાણકાર હોય તેથી તિજોરીની ચાવી લઈ આવી તિજોરી ખોલી તેમાં રાખેલ જુનવાણી સોનાના બિસ્કીટ નંગ-૮ વજન ૯૨૮ ગ્રામ કિંમત રૂા.૫૮ લાખ તથા ઘરના હોલમાં કબાટમાં રાખેલ ચાંદીના ચોરસા ૨૧ કિલો કિંમત રૂા.૧૪.૭૦ લાખ અને રોકડા રૂા. નવ લાખ થેલામાં ભર્યા હતા. આ ત્રણેય શખસોએ જતા પહેલા ઘરમાં ટીંગાતા ટુવાલના કટકા કરી બંન્ને ભાઈઓના હાથ-પગ બાંધી, જીતુભાઈને કબાટ સાથે બાંધી દઈ રૂા.૮૧ લાખ ૭૦ હજારના રોકડ-દાગીનાની લૂંટ ચલાવી નાસી ગયા હતા બાદમાં તુલસીદાસભાઈ ઢસડાતા ઢસડાતા આવી કબાટ સાથે બાંધેલ તેમાંથી મુક્ત કરાવ્યો હતો .ત્યારપછી તુલસીદાસભાઈના હાથ-પગ બાંધેલ હતા તે છોડી મુક્ત કર્યા હતા અને દુકાનનું શટર ખોલ પડોશમાં રહેતા દેવાભાઈ મેતાના ઘરે જઈ બનાવની જાણ કરતા તેમણે ગામના સરપંચ અશોકભાઈને બોલાવ્યા હતા અને ગામના આગેવાનો સાથે મોડી રાત્રે મેંદરડા પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. આ ઘટનાની જાણ થતા જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા રાજેસર દોડી આવ્યા હતા અને બનાવની ગંભીરતાને ધ્યાને લઈ રાજ્યભરમાં નાકાબંધી કરાવી બનાવનો ભેદ ઉકેલવા ક્રાઈમ બ્રાંચ, એસઓજી, મેંદરડા પોલીસની ટીમો કામે લગાડી છે. મેંદરડા પોલીસે જીતેન્દ્ર ઉર્ફે જીતુ વ્રજલાલ લોઢીયાની ફરિયાદના આધારે જૂનાગઢના દિપક અશોક જોગીયા તથા બે અજાણ્યા શખસો સામે લૂંટ સહિતના ગુના નોંધી તપાસ હાથ ધરી છે.રાજેસર ગામે સમી સાંજે ઘરમાં ધુસી હુમલો કરી બંધક બનાવી રૂા.૮૧.૭૦ લાખની લૂંટના બનાવથી પંથકમાં ચકચાર પ્રસરી ગઈ છે. વધુ તપાસ મેંદરડા પીએસઆઈ યોગેશ પાતાભાઈ હડીયાએ હાથ ધરી છે.

# ધોરાજીમાં વ્યાજખોર મહિલા સહિત બે શખ્સોએ દંપતિ પર કર્યો હુમલો

**મુખ્ય સમાચાર રાજકોટ**

ધોરાજીમાં આવેલ ખીજડા શેરીમાં આવેલ મોચીબજારમાં રહેતી નફીશાબેન ઉર્ફે શુનકી ઈમરાનભાઈ ગરાણાએ ધોરાજી પોલીસમાં રબાની નગરમાં રહેતી શરીફા સિકંદર નાલબંદ અને તેનો પતિ સિકંદર ઈબ્રાહિમ વિરૂધ ફરિયાદ નોંધાવી છે કે, અગાઉ પાંચ વર્ષ પહેલા મહિલાના પતિને ધંધામાં નાણાની જરૂરિયાત ઉભી થતા આ વ્યાજખોર દંપતી પાસેથી બે લાખ રૂપિયા ૩૦% ના તોતિંગ વ્યાજ લીધા હોય જેના બદલામાં ૧૫ લાખ ચૂકવી દીધા હોય તેમ છતાં આ બંને શખ્સો ગઈકાલની ઘરે આવી વ્યાજની રકમી પઠાણી ઉઘરાણી કરી સાહેદ અબુભાઈ નુર મહોમદભાઈને મનફાવે તેમ ગાળો આપી મહિલાને ધમકી આપી કે મારા રૂપિયા મને પાછા નહિં આપો તો તારા પતિને જાનથી મારી નાખશું તેમ કહીં મારમારી નાસી ગયા હતા. બનાવના પગલે ધોરાજી પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# જેલમાં ફરી બીડી, ચાર્જર મળી આવ્યાઃ બે અજાણ્યા શખ્સો સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જીલ્લા જેલમાં પ્રતિબંધિત વસ્તુઓ બીડી અને ચાર્જર સેલોટેપથી વીંટેલ બોલનો જેલમાં ઘા થતા પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટ મધ્યસ્થ જેલમાં ગ્રુપ ૨ જેલર તરીકે ફરજ બજાવતા એચ કે ટાંકએ પ્રનગર પોલીસ મથકમાં અજાણ્યા શખસો સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત ૨૪ તારીખે પોતે ડ્યુટી જેલર તરીકે ફરજ ઉપર હતા ત્યારે બપોરે સાડા ત્રણેક વાગ્યે જેલના જનરલ સુબેદાર હમીદભાઈએ ટેલીફોનીક જાણ કરી હતી કે જેલના નવી જેલ ૧ વિભાગની મુખ્ય દીવાલના બહારના ભાગ તરફથી યાર્ડ નંબર ૨ અને ૩ વચ્ચે કોઈ અજાણ્યા ઇસમો દ્વારા જેલની અંદર સેલોટેપથી વીંટાળીને એક દડો બનાવી ઘા કરવામાં આવ્યો છે જેથી તે ખોલીને જોતા અંદરથી પ્રતિબંધિત ૧૬૦ નંગ બીડી અને એક એસેમ્બલ ચાર્જર મળી આવ્યું હતું જે કબજે કરી જેલ સંકુલમાં લગાવેલા સીસીટીવી કેમેરા ચેક કરતા પોપટપરા નાળા તરફથી આવતા બેશખસો આ પ્રતિબંધિત વસ્તુનો જેલમાં ઘા કરતા નજરે પડયા હોય જેથી આ અજાણ્યા શખસો સામે ફરિયાદ નોંધાવી હતી.

# રાજકોટના મેસવડા ગામે ખેતરમાંથી ૬૧૨ બોટલ વિદેશી દારૂ રેઢો મળ્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**


રાજકોટ અમદાવાદ હાઈવે પર આવેલા એરપોર્ટ પોલીસ મથકના પીઆઈ જે.એસ.ગામીત, કોસ્ટેબલ ઉમેશભાઈ સહિતનો સ્ટાફ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે મેસવડા ગામની સીમમાં વાડી માલીક હરજી બેચર તલસાણીયા નામના શખ્સે પોતાના ખેતરમાં ઘાસના ઢગલા નીચે દારૂનો જથ્થો સંતાડયો હોવાની હકીક્તના આધારે પોલીસે ઉપરોક્ત સ્થળે દરોડો પાડતા વાડી માલીક હરજી બેચર તલસાણીયા નાસી ગયો હતો પોલીસે ઘાસના ઢગલા નીચેથી ૬૧૨ બોટલ કિંમત રૂ.૨.૨૯ લાખનો દારૂનો જથ્થો કબજે કરી વાડી માલીક હરજીની શોધખોળ આદરી છે.

# જૂનાગઢમાં બેંક કર્મચારીનો ગળાફાંસો ખાઈ આપઘાત

## યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના અધિકારીએ બેંકની સામે આવેલા કોમ્પ્લેક્ષની રેલીંગમાં લટકી જીવન ટુંકાવ્યુંઃ સુસાઈટ નોટના આધારે પોલીસ તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢમાં આવેલી યુનિયન બેંક ઓફ ઈન્ડિયામાં ફરજ બજાવતા ઓફિસરે પરોઢિયે બેંકની સામે જ આવેલી રેલિંગમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી છે. આત્મહત્યાનો હચમચાવી નાખતો સમગ્ર બનાવ બેંક પાસે લાગેલા સીસીટીવીમાં કેદ થયો હતો. પોલીસે એક સુસાઈડ નોટ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે. આત્મહત્યા પાછળનું સ્પષ્ટ કારણ હજી જાહેર કરાયું નથી. મૃતદેહને પીએમ માટે ખસેડી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

આ અંગેની માહિતી મુજબ મૂળ ઉત્તરપ્રદેશના રહેવાસી અને જૂનાગઢના ઝાંઝરડા રોડ પર આવેલી યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની રિજનલ બ્રાન્ચમાં ફરજ બજાવતા ઓફિસર સિયારામ પ્રસાદે આજે પરોઢિયે સાડાચાર વાગ્યે બેંકની સામે જ આવેલી રેલિંગમાં દુપટ્ટો બાંધી લટકી જઈ જિંદગી ટૂંકાવી હતી.

રાત્રિના સમયે જ ઘરેથી નીકળી ગયેલા સિયારામ પ્રસાદ તેમના ઘરે હાજર ન મળતાં તેમનાં પત્નીએ તેમની વાત તેમના સહકર્મચારીઓને કરી હતી. ત્યાર બાદ તેમનો પરિવાર અને અન્ય કર્મચારીઓ સિયારામ પ્રસાદને શોધવા માટે નીકળ્યા હતા. ત્યારે સિયારામ પ્રસાદે તેઓ જ્યાં નોકરી કરતા હતા એ બેંકની સામે જ રેલિંગમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધાની જાણ થતાં પરિવારો પર આભ ફાટ્યું હતું.

બેંક ઓફિસરે બેંકની સામે જ આવેલી રેલિંગમાં આત્મહત્યા કરી હતી. આ સમગ્ર ઘટના કોમ્પ્લેક્સ અને બેંકના સીસીટીવીમાં કેદ થઈ હતી. વહેલી સવારે જ્યારે કોમ્પ્લેક્સમાં તમામ દુકાનો અને ઓફિસો બંધ હતી ત્યારે અહીં આ ઘટના બની હોવાનું સીસીટીવીમાં દેખાઈ રહ્યું છે. પોલીસે એક સુસાઈડ નોટ પણ કબ્જે કરી હોવાનું જાણવા મળ્યું છે. જોકે હાલ આત્મહત્યા પાછળનું ચોક્કસ કારણ જાહેર થયું નથી. પોલીસે મૃતદેહને પીએમ માટે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.




ADVERTISEMENT BY DHARMA TEA COMPANY


# જે.કે.પાર્કમાં ડો.કાપડીની બાંધકામ સાઈડ પર મોબાઈલ ચોરી કરનાર બેલડી ઝબ્બે

**મુખ્ય સમાચાર રાજકોટ**

કોઠારિયા રોડ પર આવેલા જે.કે.પાર્ક શેરી નં.૨ માં ડો.કાપડીની બાંધકામ સાઈડ પર મોબાઈલ ચોરી થયાની ફરિયાદ આજીડેમ પોલીસમાં નોંધાયા બાદ પીઆઈ એલ.એલ.ચાવડાની સૂચનાથી પીએસઆઈ એ.જે.પરમાર એએસઆઈ હારૂનભાઈ, યશવંતભાઈ, હેડ કોન્સ્ટેબલ કૌશલ્યસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારના પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે કોઠારીયા રોડ પર ગુજરાત હાઉસીંગ બોર્ડમાં રહેતો મિલન ઉર્ફે બાવલીયો ઉર્ફે ગંજેરી દિનેશ બાલસ તથા જયનગર મફતિયાપરામાં રહેતો પ્રતિક ઉર્ફે પ્રત્યો પરસોતમ સાકરીયા નામના બે તસ્કરોને દબોચી લઈ જે.કે.પાર્કમાં ડો.કાપડીની બાંધકામ સાઈડ પરથી ચોરી થયેલો રૂ.૧૪ હજારનો મોબાઈલ કબ્જે કરવામાં આવ્યો હતો.



# દ્વારકા દર્શન કરવા જતી વેળાએ કાર પલ્ટી ખાઈ જતા મહિલા સહિત બેના મોત

## દંપતિને ગંભીર ઈજા થતાં સારવારમાં જામનગર ખસેડાયા

**મુખ્ય સમાચાર, ખંભાળિયા**

દ્વારકા નેશનલ હાઇ-વે પર કલ્યાણપુરનું મં ગામ પાસે જામનગરથી દ્વારકા દર્શને જતી વખતે કોઈ કારણોસર અચાનક કાર પલટી ખાઈ જતાં ચાર લોકોને ગંભીર ઈજાઓ થઈ હતી. જેમાં એક મહિલા સહિત બે લોકોના મોત થયા હતા. જ્યારે અન્ય એક જામનગરનાં દંપતીને ગંભીર હાલતમાં સરવાર માટે ખસેડાયા હતા.

આ અંગેની માહિતી મુજબ ખંભાળિયા-દ્વારકા નેશનલ હાઈવે પર ખંભાળિયાથી આશરે ૩૫ કિમી દુર સવારે સુમારે જીજે ૦૬ એલ એસ ૦૨૦૯ નંબરની કારમાં ચાર લોકો દ્વારકા દર્શનાર્થે જઈ રહ્યા હતા ત્યારે અચાનક ડ્રાઈવરે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા કાર પલટી મારી જવાથી ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

ગોજારા અકસ્માતમાં કારમાં બેઠેલા છાયાબેન ગોપાલભાઈ ગજેરા (રહે. નાગવદર, ઉપલેટા) તેમજ હર્ષભાઈ દિલીપભાઈ સોજીત્રા (રહે.ગોંડલ)ને ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે એમ્બ્યુલન્સ મારફત ખંભાળિયાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હાજર તબીબોએ બન્નેને મૃત જાહેર કર્યા હતા જ્યારે તેમની સાથે કારમાં જતાં હેવનભાઈ રોહિતભાઈ વસોયા અને આવૃત્તિબેન હેમંતભાઈ વસોયા (રહે. જામનગર)ને ગંભીર હાલતમાં વધુ સારવાર અર્થે જામનગર ખસેડવામાં આવ્યા હતા. આ ગોજારા અકસ્માતે એક મહિલા સહિત બે લોકોનો જીવ લેતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. આ બનાવના પગલે પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને મામલે આગળની તપાસ હાથ ધરી હતી.